Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૮૯
તા.૦૫-૦૫-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૫ સૂર્યાસ્ત : ૦૭:૦૮

તાપમાન: ડીસા ૪૧.૨ | અમદાવાદ ૪૦.૮ | ગાંધીનગર ૪૧ | વડોદરા ૩૯.૬ | સુરત ૩૩.૮ | નલિયા ૩૬.૧

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૧,૮૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# પાંજરાપોળ-ગૌશાળા સંચાલકોનું ફરી તંત્રને અલ્ટીમેટમ

### ગુરૂવારે થયેલા શરતી સમાધાન બાદ જીવદયા સંસ્થાઓના સંચાલકો સાથેની બેઠકમાં કલેકટર અને ડીસાના ધારાસભ્યની પશુઓને સહાયની ખાત્રી : જો કે ઘાસચારો ખુટી જતા સંચાલકો આક્રમક મુડમાં

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત ગૌશાળા અને પાંજરાપોળોમાં આશ્રિત પશુઓના નિભાવ માટે પશુ દીઠ ઘાસચારાની સહાય ચુકવવાની માંગણી સાથે આંદોલનની ચીમકી ઉચ્ચારી તંત્રની ઊંઘ હરામ કરનાર પાંજરાપોળ તેમજ ગૌશાળા સંસ્થાઓના સંચાલકોની પાલનપુર ખાતે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. હાલ બનાસકાંઠાની ૯૭ જેટલી જીવદયા સંસ્થાઓમાં ૫૫ હજારથી વધુ પશુઓનો નિભાવ કરાય છે. જો કે પાંજરાપોળ અને ગૌશાળા સંસ્થાઓમાં આશ્રિત પશુધનને ઘાસચારો પુરો પાડવામાં મુશ્કેલી વર્તાઈ રહી છે. ત્યારે ગૌશાળાના સંચાલકોએ પશુઓને સરકારી કચેરીઓમાં છોડી મુકવાની ચીમકી આપતા વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું. ગત ગુરૂવારે ડીસાના પ્રાંત ઓફિસર અને ધારાસભ્ય સાથે આ મામલે સંચાલકોએ બેઠક યોજયા બાદ ગતરોજ કલેકટર સંદીપ સાંગલેએ પણ ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાની ઉપસ્થિતિમાં પાંજરાપોળ અને ગૌશાળાના સંચાલકો સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરી હતી. આ બેઠકમાં ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓમાં આશ્રય મેળવતા પશુઓના નિભાવ માટે પશુદીઠ સહાય આપવાની માંગણી સંદર્ભે આજે સાંજ સુધીમાં કોઈ સમાધાનકારી નિર્ણય લેવાની જિલ્લા કલેકટરે ખાતરી આપી હતી. પાલનપુર ખાતે યોજાયેલ આ બેઠકમાં આજે સાંજ સુધીમાં આ મામલે યોગ્ય નિર્ણય જાહેર


ભરત સુંદેશા

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### શૈશવનો ચહેરો

રેડિયો પરથી જૂનાં ગીતો સંભળાય છે ને ક્યારેક મનને આનંદથી ભરી મૂકે છે.

"બચપન કે દિન ભી કયા દિન થે..." એ ગીત તે વખતે નૂતન ફિલ્મ 'સુજાતા' માં ગાયેલું. અત્યારે તે સાંભળીને લાગે છે કે એ જાણે મારા મનની જ વાત કહે છે. શૈશવના એ દિવસ કેટલા સુંદર હતા! એ નિર્દોષ શૈશવનો ચહેરો આજે યાદ આવે છે. અને સાથે હીંચકા પર ઝૂલતી નૂતનની મુગ્ધતા પણ! એ ગાય છેઃ "છોટી છોટી ખુશિયાં થી, છોટે છોટે થે ગમ!"

એ દિવસોમાં કયાં મોટા મહેલ બાંધવાના અરમાન હતાં કે મોટા અફસર થવાનાં સ્વપ્નો હતાં! સુખ તો નાની નાની બાબતોનું હતું- રંગબેરંગી છીપલાંઓ અને બિલ્લીછાપ સિગારેટનાં ખાલી ખોખાં ભેગાં કરવામાં! અને દુઃખ પણ કયાં મોટું આવી પડવાનું હતું? રેતી પરથી ધોવાઈ ગયેલો કિલ્લો કે ભેરુએ નહીં દીધેલો દાવ!

પરંતુ એ સુખ આજે પણ યાદ આવે છે, અને એ નાનાં નાનાં દુઃખ કેવાં ભુલાઈ ગયાં છે!

- વિપિન પરીખ

# મુખ્યમંત્રી આજે વાવના કુંભારડી ગામે જળસંચયના કામોનું નિરીક્ષણ કરશે

પાલનપુર

ગુજરાત સરકારે આ વર્ષે ચોમાસાના આગમન પૂર્વે અગમચેતી દાખવી વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે ગત પહેલી મેથી રાજયવ્યાપી જળ સંચય અભિયાન હાથ ધર્યું છે અને આ અભિયાન હેઠળ વિવિધ સ્થળે હાથ ધરાયેલ કામોનું અધિકારીઓ તેમજ પદાધીકારી ઓ જાત નિરિક્ષણ કરી રહ્યા છે ત્યારે બનાસકાંઠાના વાવ તાલુકાના કુંભારડી ગામે જળસંચય અભિયાન હેઠળ હાથ ધરાયેલ કામના જાત નિરીક્ષણ માટે ખુદ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જ આવતીકાલ શનિવારે સવારે કુંભારડી ગામની મુલાકાતે આવી રહ્યા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતી કાલ શનિવારે સવારે પોણા આઠ વાગ્યે કુંભારડી ગામે પહોંચી આ ગામમાં જળસંચય અભિયાન અંતર્ગત યોજનાર કાર્યક્રમમાં હાજરી આપી આ ગામમાં જળસંચય અભિયાન હેઠળ હાથ ધરાયેલ જળસંચય પ્રકલ્પો વિકસાવવાના કામોનું જાત નિરીક્ષણ કરશે. મુખ્યમંત્રીની આ મુલાકાતને સફળ બનાવવા જિલ્લા કલેકટર સંદીપ સાંગલેના માર્ગદર્શન હેઠળ તંત્રની ટીમ કામે લાગી ગઈ છે અને મુખ્યમંત્રીની મુલાકાત સંદર્ભે કુંભારડી ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે.



# ભુમાફિયા અને તંત્રની મિલીભગત થકી પાલનપુરની લડબી નદી ગાયબ..!

પાલનપુર

સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે નદીનું વહેણ કોઈ બદલી શકતું નથી મેપ ઓફ ઈન્ડિયાના સર્વે પ્રમાણે નદીની સ્થળ સિટી જે હોય તે જ રાખવી પડે છે ત્યારે બનાસકાંઠાના પાલનપુર ના મધ્યમાંથી પસાર થતી વાંકી ચૂંકીલડબી નદી ને સીધી કરી દેવામાં આવી છે ત્યારે બનાસકાંઠા જમીન દફતર નોંધણીની કચેરી અને પાલનપુર નગરપાલિકાએ શહેરીજનોને નર્કાગારમાં ધકેલી દીધા છે. ત્યારે વાંચો રખેવાળનો વિશેષ અહેવાલ.

પાલનપુરનો સીમાડો જયાંથી શરૂ થાય છે ત્યાં પાલનપુર તાલુકાના કરજોડા ગામ નજીકથી પસાર થતી લડબી નદી વર્ષો પહેલાં પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર થઈ અને ગઢ નજીક પહોંચતી જે તે સમયના નવાબી શાસનમાં નવાબ સાહેબે પાલનપુર નગરની લોકોના સુખાકારી માટે માનસરોવર તળાવ બનાવ્યું હતું અને માનસરોવર તળાવમાં આ લડબીનું પાણી ચોમાસામાં નાખવામાં આવતું જોકે માન સરોવરનું પાણી સમગ્ર શહેરને પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવાતો અને લોકો અહીંયા નહાવા ધોવા સહિત પીવાના પાણીનો ઉપયોગ કરતા જે તે સમયમાં નવાબી કાળમાં ૧૯૧૩ તેમાં કરોડથી નીકળી અને લડબી નદીના બે વહેણ થતાં બે ફાંટા પડતા જે એક પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર


સંજય જોષી

અનુસંધાન પાના નં.૬

- લડબી નદીની પોહળાઈ :- ૧૨૦ ફૂટ
- લડબી નદીનો તટ :- ૪૦ ફૂટ
- લડબી નદીનો પટ :- ૮૦ ફૂટ
- નદીએ સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ રાષ્ટ્રીય સંપતિ
- આજે લડબી નદીની પોહળાઈ ૧૦ ફૂટ પણ રહી નથી
- ગટરના ગંદા પાણીના નિકાલ માટે લડબી નદીના પટનો ઉપયોગ

### જિલ્લા કલેકટરે તપાસનો આદેશ આપ્યો

પાલનપુર નગરજનોનો આક્રોશ અને પાલનપુર નગરજનોની પરિસ્થિતિને લઈને જિલ્લા કલેકટરે પણ લડબી નદીનું વહેણ વાંકુ ચૂકવું હોવાની વાતને સ્વીકારી છે લડબી નદીના વહેણમાં ગેરકાયદેસર બાંધકામોને લઈને થતી પરિસ્થિતિને પણ સ્વીકારી છે ત્યારે જિલ્લા કલેકટર સંદીપ સાંગલે એ બે ટીમો બનાવી અને લડબી નદીના વહેણ અને ગેરકાયદેસર બાંધકામોને લઈને તપાસના આદેશ આપ્યા છે અને લડબી નદીમાં થયેલા ગેરકાયદેસર બાંધકામ મુદ્દે ખુલ્લા કરાવી લડબી ના પ્રવાહને જીવંત કરવાની પણ ખાતરી આપી છે જિલ્લા કલેકટરે દબાણ કરનારા કોઈ પણ ચમરબંધીને છોડાશે નહી અને તમામ દબાણો દૂર થશે એવી જિલ્લા કલેકટરે ખાત્રી ઉચ્ચારી છે.

### લડબી નદીની આ હાલત માટે નગરપાલિકા અને જમીન દફતર કચેરી જવાબદાર

લડબી નદીમાં ગેરકાયદેસર બાંધકામોને કારણે કરોડથી આવતો લડબી નો પ્રવાહ અવરોધાયો છે અને એની સમગ્ર પરિસ્થિતિ જોઈએ તો પાલનપુર નગરપાલિકાના નગરજનો ચોમાસામાં ખૂબ જ કઠિન યાતનામાંથી પસાર થાય છે જાનમાલનું જોખમ ઊભું થાય એવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે લડીને બહાર નીકળતા પ્રવાહને પાલનપુરના સીમાડામાં પણ છોડાયો નથી પાલનપુર ડીસા હાઈવે બાદ પાલનપુરના સીમામાંથી પસાર થતી લડબી નદીના વહેણમાં ગેરકાયદેસર બાંધકામો કરી અને જતા પ્રવાહને પણ રોકાયો છે. ત્યારે એક સમયમાં વિશાળ લડબી નદીના પટને અત્યારે એક ગટરની હાલતમાં ફેરવી નાખી છે અને એ સમગ્ર જવાબદાર પાલનપુર નગરપાલિકા અને જમીન દફતર વિભાગની કચેરી છે અત્યારે સમગ્ર રાજયમાં જળસંચય અભિયાન ચાલી રહ્યું છે નદી નાળા અને તળાવનું રિનોવેશન કરી અને ફરીથી વહેતા કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે પાલનપુરમાં આવેલી નવાબી કાળની લડબી નદી આજે લુપ્ત થઈ છે નગરપાલિકા અને જમીન દફતર વિભાગની કચેરીએ મોટા પાયે ભ્રષ્ટાચાર આદરી અને બિલ્ડરો અને ભૂમાફિયાઓને ઘી કેળા કરાવ્યા છે ત્યારે પાલનપુરના નગરજનો લડબી નદીના મૂળ પ્રવાહને ચાલુ કરાવી અને ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની માંગ કરી રહ્યા છે ત્યારે હવે જોવું એ રહ્યું કે લડબી ફરી એના મૂળ સ્વરૂપમાં આવશે કે નહી.

# પાલનપુરના જગાણામાં યુવકના ત્રણ હત્યારાઓને આજીવન કેદ

### બહેનની છેડતી કરતા ઠપકો આપવા ગયેલા ભાઈને રહેસી નાખ્યો હતો

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણા ગામ માં બે વર્ષ અગાઉ બહેનની છેડતી કરનારા શખ્સોને ઠપકો આપવા ગયેલા ભાઈને ત્રણ શખ્સોએ છરીના ઘા મારી નિર્મમ હત્યા કરી હતી. આ અંગેનો કેસ પાલનપુરની પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે.

પાલનપુર તાલુકાના જગાણા ગામ માં ગત તા. ૭-૧૧-૨૦૧૬ના રોજ ગામના અમરતભાઈ બચુભાઈ પટણી બસસ્ટેન્ડ નજીક લારી લઈને બેઠા હતા. તે દરમિયાન તેમણી દીકરી સેજલ ઉર્ફે ભાવનાએ આવીને કહ્યુ હતુ કે, ગામનો મેહુલભાઈ શંકરભાઈ વણકરે રામાપીરના મંદીર પાસે મશ્કરી કરી માથામાં સોટું માર્યુ છે. આથી અમરતભાઈ અને તેમનો દિકરો રવિ ઠપકો આપવા ગયા હતા. તે વખતે શંકરભાઈ ગણેશભાઈ વણકર અને રાજુભાઈ ધનજીભાઈ વણકર ઉશ્કેરાઈ ગયા હતા. જેમણે રવિને પકડી રાખ્યો હતો. અને મેહુલ વણકરે પોતાની પાસે રહેલા ચપ્પાના ઘા મારી રવિની હત્યા કરી હતી. આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન આ કેસ પાલનપુરના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશ સુભદ્રા કે. બક્ષીએ એડીશનલ પબ્લીક પ્રોસીકયુટર સી. જી. રાજપૂતની દલીલો અને

અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### ભાભર પાલિકા પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખે સંભાળી લેતાં વિવાદનો અંત


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ ભાભર

ભાભર પાલિકાના પ્રમુખ વેકુંઠરામ આચાર્ય સામે ભ્રષ્ટ્રાચારનો આરોપ મુકી ૧૮ સભ્યોએ પ્રમુખ પદેથી હટાવવા જોર લગાવ્યું હતું જેના કારણે ભાભર પાલિકા ભારે ચર્ચાના ચગડોળે ચડી હતી. એક સમયે ૧૮ સભ્યોએ પાર્ટીને પ્રમુખ હટાવવા મુદે રાજીનામા આપી દીધા હતા. બાદમાં પાર્ટીએ પ્રમુખને લાંબા સમયની રજા ઉપર ઉતારીને પ્રમુખનો ચાર્જ ઉપપ્રમુખ ગમબા રોઠોડને આપવામાં આવ્યો છે. પાર્ટીએ ઘી ના ઠામમાં ઘી સમાવવાની યુક્તિ અપનાવતા હાલ પુરતો વિવાદ શાંત પાડયો છે. ભાજપના અગ્રણીઓ મગનલાલ માળી (ડીસા), નૌકાબેન પ્રજાપતિ (ભાભર), શહેર પ્રમુખ પ્રભાતસિંહ રાઠોડ વગેરે હાજર રહીને ઉપપ્રમુખને પ્રમુખનો ચાર્જ આપ્યો છે. પરંતુ હકિકતે પાર્ટીથી કેટલાક સભ્યો ભારે નારાજ થયા છે. પાર્ટીએ તેની બાંધી મુઠી રાખવા જતાં લોકસભા ૨૦૧૯ ની ચુંટણીમાં કેટલાક સભ્યો ભાજપને નુકશાન કરે તો નવાઈ નહી.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ. પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

### પાલનપુર તાલુકાના કાણોદરનો યુવાન યુ.પી.એસ.સી.માં પાસ

# પ્રથમ પ્રયત્ને જી.પી.એસ.સી. બાદ યુ.પી.એસ.સી.પાસ કરનાર સફીન હસન આઈ.પી.એસ.માં ક્વોલિફાય થયા

### માસીએ ધો.૫માં કલેક્ટર બનવાના સપનાનું વાવેતર કર્યું હતું : કાળી મજૂરી કરી હસન દંપતિએ પુત્રના શમણાંને સાકાર કર્યું

પાલનપુર

"અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી." તે ઉક્તિને પાલનપુર તાલુકાના કાણોદર ગામના યુવાને સાર્થક કરી બતાવી છે. માત્ર ૨૩ વર્ષની ઉમરના સફીન હસને યુપીએસસી ની પરીક્ષા પાસ કરીને પાલનપુર તાલુકાના કાણોદર ગામનું ગૌરવ વધાર્યું છે. હીરાઘસુ માતા અને ઈલેકટ્રિશિયન પિતાએ કાળી મજૂરી કરી હીરો તૈયાર કર્યો છે. જે હવે આઈ.પી.એસ.માં ક્વોલિફાય થઈ પોતાના પરિવારનું નામ રોશન કરવા જઈ રહ્યો છે.

સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરીને સફીન હસન નામનો યુવાન માત્ર ૨૨ વર્ષની વયે જીપીએસસી પાસ કરતા જિલ્લા રજીસ્ટ્રાર બન્યો હતો. અત્યંત ગરીબીમાં ઉછરીને ટાંચા સાધનો વચ્ચે સફીને અભ્યાસ કર્યો છે. સફીન જયારે ૫માં ધોરણમાં હતો ત્યારે તેના માસીએ તેને કલેક્ટર બનવા માટેના સપનાનું વાવેતર કર્યું હતું. જે સપનું સાકાર કરવા તેણે કમર કસી હતી. અંતે "સફળતા તેને જઈ વરે જે પરસેવે ન્હાય." ઉક્તિ સાચી ઠરી હતી અને તાજેતરમાં આવેલા યુ.પી.એસ.સી. ના પરિણામમાં કાણોદરનો સફીન હસન પણ ઝળક્યો છે. સફીને પોતાની સફળતા પાછળ તેના માતા-પિતા અને આર્થિક સહાય કરનાર પોલરા પરિવાર સહિત ગામ લોકોની દુવાને જવાબદાર ગણી હતી. સફીન હસને યુવાનો ને સકારાત્મક અભિગમ કેળવી ભારતને મહાસત્તા તરફ દોરી જવાનો સંદેશો પાઠવ્યો હતો.


સંજય જોષી

માતા નસીમબેન અને પિતા મુસ્તુફા ભાઈ કાળી મજૂરી કરી પુત્રના સપનાને સાકાર કરવામાં સહભાગી બન્યા છે. ગરીબીમાં જીવન વ્યતિત કરતા મુસ્તુફાભાઈ મહેનતથી રાહ પર ચાલતા રહી લોકોના મકાનો અને દુકાનોમાં ઈલેકટ્રીક લાઈટનું કામ કરે છે. જયારે માતાએ હીરા ઘસી, રોટલીઓ વણી પેટે પાટા બાંધી પોતાના પુત્ર સફીનને ખરા અર્થમાં હીરો બનાવ્યો છે. પોતાના પુત્ર પાછળ કરેલી મહેનત ઉગી નીકળી હોવાની ખુશી આ હસન દંપતિના ચહેરા પર વર્તાઈ રહી છે.

યુ.પી.એસ.સી.માં ૫૭૬ માં ક્રમે આવેલો સફીન હસન આઈ.પી.એસ.માટે ક્વોલિફાય થયો છે. પરંતુ તેને તો હજી કલેક્ટર બનવું છે. જેથી તે રેન્ક સુધારવા આવતા વર્ષે ફરી પરીક્ષા આપશે. જે દર્શાવે છે કે, અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.




સૂર્યોદય - ૬.૦૫ સૂર્યાસ્ત - ૭.૦૮

## તિથિદર્શન

વૈશાખ વદ-૫ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ :પાંચમ શનિવાર નક્ષત્ર: પૂર્વષાઢા રાત્રે ૧.૩૩ પછી ઉત્તરષાઢા યોગ :સિદ્ધ કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

# ચલં વિત્તં ચલં ચિત્તં ચલે જીવિત યૌવને ચલાચલ મિદં સર્વ કીર્તિયસ્ય સ જીવતિ

'લક્ષ્મી ચંચળ છે, મન ચલાયમાન છે, જિંદગી અને યૌવન પણ ચંચળ છે, આ બધું જ ચલ અને અચલ છે એ પરિસ્થિતિ જે 'કીર્તિ માગે છે તેનું જીવન, જીવ્યા તુલ્ય સફળ છે. લક્ષ્મી ક્યાંય કાયમ માટે રહેતી નથી, જીવનના પુરુષાર્થ કે ભાગ્યના દાયકા પ્રમાણે લક્ષ્મી ધન- સમૃદ્ધિ આવે છે.. આજના પ્રધાનો કે સરકારી સાહેબો કે વેપારી-ઉદ્યોગમાં અપાર સમૃદ્ધિ આવતી હોય છે તે સમય દરમિયાન કોઈ છકી જાય અને જીવન અને ધન વેડફી નાખે છે કોઈ 'બચત' કરી જીવન સુરક્ષિત કરે છે તો કોઈ દાન- પુણ્ય કરી 'કીર્તિ' કમાઈ લે છે. જીવન પણ કાયમી નથી, કયો શ્વાસ પાછો નહીં આવે એની આપણને ખબર નથી. મોજશોખ- વ્યસન- વાસનામાં જીવન વેડફી નાખવું કે સમાજસેવા કરી કીર્તિ- નામના પામવી એ આપણે વિચારી લેવાનું છે. જીવનનો એક તબક્કો યુવાની છે. ૨૦- ૨૫ વર્ષમાં શ્રમ- પરિવાર દ્વારા કમાણી થઈ શકે કે આરામ કરી વય વેડફી પણ શકાય.

લક્ષ્મી- જીવન -યૌવન બધું જ ચલાયમાન- અસ્થિર છે. એનો સદ્દુપયોગ કરી જીવનને ધન્ય બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)પ્રિયજનથી સહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.**
**વૃષભ : (બ.વ.ઉ.) કાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.**
**મિથુન : (ક.છ.ઘ.) મનની મનમાં રહે. વ્યર્થ પુરૂષાર્થ થાય.**
**કર્ક : (ડ.હ.) આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.**
**સિંહ : (મ.ટ.)અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.)માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.**
**તુલા : (ર.ત.)સમસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)વ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.**
**ધન : (ભ.ફ.ધ.)મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.**
**મકર : (ખ.જ.)કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તબિયત બાબતે સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.)ચિંતાનો ઉકેલ મળે. બુધ્ધિ અને ચતુરાઇથી આયોજન પાર પાડી શકશો.**
**મીન : (દ.ચ.જ.થ.)મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ગુર્જરરત્ન મનુભાઈ સુબેદારની જન્મજયંતિ છે. આજીવન કુંવારા રહી ધ્યેયનિષ્ઠા પાછળ પોતાનું જીવન ખર્ચી નાખનાર આ યશસ્વી વિદ્યાર્થી, સમર્થ અર્થશાસ્ત્રી આ મહામાનવે એમના ખુદના પ્રયત્નોના પરિણામે 'લોટસ ટ્રસ્ટ' માંથી પાંચ લાખ રૂપિયાના દાનથી અમદાવાદમાં અખંડાનંદ આયુર્વેદિક હોસ્પિટલ અને અખંડાનંદ આયુર્વેદિક કોલેજની સ્થાપના કરી. એમનો જન્મ ૫-૫-૧૮૮૯ માં ભાવનગરમાં થયેલો. મુંબઈમાં એમનો ઉછેર થયો, ઈંગ્લેન્ડ ભણવા ગયા. અર્થશાસ્ત્રી અને બેરીસ્ટર થઈ ભારત પાછાઆવ્યા. સસ્તું સાહિત્ય સંસ્થા સ્થાપી. ૧૦-૧૦ ૧૯૭૨ માં આ મહામાનવનું નિધન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેધ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૭.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૭૭૭ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ ....!!!**

**તા. ૦૪.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૬૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૩૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૭૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૬૧૬ પોઈન્ટ થી ૧૦૬૦૬ પોઈન્ટ, ૧૦૫૭૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૭૭૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૪.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૭૨૪ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૮૦૮ પોઈન્ટ થી ૨૫૮૩૩ પોઈન્ટ, ૨૫૮૪૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૪૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**સન ફાર્મા (૫૨૦) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૫૧૧ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૪૯૪ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૫૩૧ થી રૂ.૫૩૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૫૩૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**તાતા કેમિકલ (૭૬૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૭૮૨ થી રૂ.૭૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**હેક્ઝાવેર ટેક્નોલોજી (૩૭૯) :- રૂ.૩૬૩ નો પ્રથમ તેમજ રૂ.૩૫૬ ના બીજા સપોર્ટથી ટેકનોલોજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૩૮૮ થી રૂ.૩૯૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ગેઇલ ઈન્ડિયા (૩૩૧) :- સ્ટીલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૪૪ થી રૂ.૩૫૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૧૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૪૧૧) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૯૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાઇનાન્સ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૨૩ થી રૂ.૪૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**વોકહાર્ડ ફાર્મા (૭૯૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૮૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૮૬ થી રૂ.૭૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૮૧૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**લાર્સેન (૧૩૭૨) :- રૂ.૧૩૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૦૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૩૬૧ થી રૂ.૧૩૫૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૦૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૧૧૪) :- સિમેન્ટ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૧૪૪ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૦૯૬ થી રૂ.૧૦૮૮ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ઓરબિન્દો ફાર્મા (૬૧૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૦૩ થી રૂ.૫૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**હિન્દ પેટ્રો (૨૯૬) :- રૂ.૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૮૭ થી રૂ.૨૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૧૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# શંખેશ્વર-પ્રવચન શ્રુતતીર્થના આંગણે શ્રુતમંદિરનો શુભારંભ

## હજારોની જન મેદનીએ ૭૨૯ શિલાની એક સાથે સ્થાપના કરીને ઈતિહાસ સર્જયો

ડીસા

સમગ્ર જૈન શાસનના ઈતિહાસમાં ૪૫૦ વર્ષે સૌ પ્રથમ મંગલાચરણ રૂપે ૭૨૦ શિલાની સ્થાપના શંખેશ્વરના પ્રવચન શ્રુતતીર્થના આંગણે સિદ્ધહસ્તલેખક પૂ.આચાર્ય શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજ મહારાજા, શ્રુતરક્ષા પ્રેરક પૂ.આચાર્ય શ્રી યુગચન્દ્ર સૂરીશ્વરજી તારક છત્રછાયામાં ચારેક હજારથી અધિક જનસંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ પોતાના સ્વહસ્તે શિલાની સ્થાપના વિધિ વૈશાખ સુદ-૭, ૨૨ એપ્રિલ રવિવારે શુભ મુહૂર્તે કરી.

ત્રિદિવસીય આ ઉત્સવ પહેલા દિવસે તીર્થ પ્રેરણાદાતા સિદ્ધલેખક પૂજ્યશ્રીના સૂરિપદદિન અને પ્રવચનકારના દીક્ષા દિન નિમિત્તે ચતુર્મુખ પ્રભુજીનો વિશિષ્ટ અભિષેક કરાયો. બપોર શ્રુતના અજવાળા વિષયક પ્રવચનમાં જૈનચાર્યશ્રીએ શ્રુતનું અદભુત મહત્વ સમજાવ્યું. કેટલાક લાભો માટે ઉછામણી બોલાઈ. ૧૦૦ રૂા. સંઘપૂજન અને ગુરપૂજન કામળી વહોરાવવાની વિધિ થઈ. ૨૨ તારીખના મુખ્ય દિવસે સવારથી જ માનવ મહેરામણથી સમગ્ર સંકુલ ઉભરાઈ ઉઠ્યું હતું. જ્યાં જુઓ ત્યાં પૂજાના વસ્ત્રોમાં સજ્જ ભાવિકો જ નજરે ચઢતા. પૂજ્યશ્રીના ૬૪ માં દિક્ષા દિન નિમિત્તે નરેન્દ્રભાઈ વાણીગોતાએ સંગીતની રમઝટ રજૂ કરી. ૪ શિલાના લાભો માટે ઉદારતાથી ચડાવા બોલાયા. મંત્રોચ્ચાર પૂર્વક શિલાપૂજન થયા બાદ થાળીના એક ડંકે તમામ શિલા સ્થાપન કરાઈ.

શિલાપૂજન ખૂબ જ ઉમળકાભેર કરતા સહુને અલૌકિક અનુભૂતિ થઈ. માટીના કળશો, દીવડી, વાટકી અને સોપારીના પાનમાંથી બનાવેલ પ્લેટ બાઉલ વગેરેનો ઉપયોગ કરાતા સંપૂર્ણ વિધિ ઈકોફ્રેન્ડલીથી સંપન્ન થઈ. જ્ઞાન પ્રદર્શનની રૂપે ૪૫ આગમની નયનરમ્ય રચના કરાતા તેનું ઉદઘાટન ટ્રસ્ટના આધાર સમા રંજનબેન બચુભાઈ શાહ તથા પુત્ર રોહનભાઈ સહપરિવારે (પાટણ-મુંબઈ) કર્યું.

ટ્રસ્ટના અધ્યશ્રી જવાહરભાઈ મોતીલાલ શાહ, કેતનકુમાર વસંતલાલ કપાસી, રમેશભાઈ રીખવચંદ સંઘવી સહિત સમગ્ર ટ્રસ્ટ મંડળની તનતોડ મહેનતથી આ પ્રસંગ દીપી ઉઠ્યો. આ ઉત્સવને માણવા પધારેલ મહેમાનો માટે શંખેશ્વરની ૨૦ ધર્મશાળાની ૭૫૦ રૂમ બુક કરવામાં આવેલ. શિલા સ્થાપનની પૂર્વ તૈયારી માટે પૂર્ણ પરિવારના જૈતિક શાહ, સાહિલ શાહ, યશ દોશી, યશ શાહ, જૈનમ શેઠ, પાવન વિગેરે ૨૫ યુવાનો અને જૈન સ્ટાર ગ્રુપ કલ્યાણના ૪૫ યુવાનોએ ખડેપગે હાજર રહી જોરદાર જહેમત ઉઠાવી હતી.

સમગ્ર ભારતના અનેક રાજ્યોમાંથી પધારેલ અતિથીઓ શ્રુતમંદિરની વ્યવસ્થા આયોજન શક્તિને નિહાળીને આશ્ચર્યચક્તિ બની ગયેલ. નજીકના ભવિષ્યમાં ફરીવાર આવુ દ્રશ્ય ક્યારેય નિહાળવા મળશે એ પ્રશ્ન છે. પ્રસંગના અંતિમ દિને ચતુર્મુખ જિનાલય અને ગુરૂમંદિર, મણીભદ્ર મંદિરના શિખરે નૂતન ધ્વજા વિવિધ ભાવિકભક્તોએ લહેરાવી. ૧૮ અભિષેક પૂજન વિધિકાર નિખિલભાઈ સંઘવીને કરાવ્યું. અબોલ જીવોના ઉદ્ધાર માટે જીવરક્ષામા ઉદારતાથી લાભ લેવામાં આવ્યો સહુના અપૂર્વ સહકારથી અદભુત વિશિષ્ટતા સાથે આ પ્રસંગનું સમાપન થવા પામ્યું...

## વડાલી તાલુકાના ડોભાડા ચોકડી પાસે ગમખ્વાર અકસ્માત : ૧ નુ મોત

પ્રતિનિધિ વડાલી

વડાલી તાલુકાના ડોભાડા ચોકડી પાસે થયેલ અકસ્માતમાં મોટર સાઈકલ ઉપર રસોઈ કામ અર્થે જઈ રહેલ ચાર વ્યક્તિઓને અકસ્માત નડતાં એક વ્યક્તિનુ ઘટના સ્થળે મોત થયું છે. જ્યારે ત્રણ વ્યક્તીઓને ઈજા થતાં ૧૦૮ ના પાયલોટ દ્વારા વડાલી સિવિલમાં લાવવામાં આવ્યા હતા. જેમની પ્રાથમિક સારવાર ડો.પ્રદિપભાઈ ગઢવી દ્વારા કરવામાં આવી હતી. અને તેમને વધુ સારવાર અર્થે હિંમતનગર રિફર કરવામાં આવેલ. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થયેલા જગદીશભાઈ, શ્રવણભાઈ, રાજેન્દ્રભાઈ રીફર કરેલ છે. જ્યારે રાજેન્દ્રભાઈના પિતા અમરભાઈનું ઘટના સ્થળ ઉપર મૃત્યુ થયેલ છે.

## બનાસકાંઠાને મેડીકલ કોલેજ અપાવનાર શંકરભાઈ ચૌધરીનું કાંકરેજ ભાજપ દ્વારા સન્માન


કિશોર પ્રજાપતિ

પ્રતિ. થરા

ગુજરાત સરકારમાં આરોગ્ય મંત્રી તરીકે હતા તે સમયે શંકરભાઈ ચૌધરી દ્વારા બનાસકાંઠાને મેડીકલ કોલેજ મળે તે માટે પ્રયત્ન કરેલ. જેના ફળ સ્વરૂપે જિલ્લા મથક પાલનપુર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં મેડીકલ અંગે આખરે એમ.સી.આઈ.એ. લીલીઝંડી આપી દીધી છે. વર્ષો જુની માંગને સરકારમાં રજુઆત કરી મેડીકલ કોલેજને મંજુરી મળતા બનાસવાસીમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાત સરકારના પૂર્વ આરોગ્ય મંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી કાંકરેજ તાલુકાના માંડલા ગામે પધારેલ તે સમયે કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, તાલુકા ભાજપના પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, મહામંત્રી કિશોર બી. પ્રજાપતિ, ઈસુભા વાઘેલા, ઈશ્વરભાઈ પટેલ, હંસપુરી ગોસ્વામી સહીત ગ્રામજનો દ્વારા શંકરભાઈને શાલ ઓઢાડી સન્માનીત કર્યા હતા. આ જિલ્લાને મેડીકલ કોલેજ મળતાં પછાતપણાનો ભોગ બનેલ આ જિલ્લા માટે સુવર્ણ અવસર આવ્યો છે.

## ધાનેરાના ભાટીબ પ્રાથમિક શાળામાં ઠંડાપાણીના કુલરની ભેટ

તા પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ભાટીબ ગામની પ્રાથમિક શાળામાં ૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેઓને ઉનાળાની ગરમીમાં રાહત થાય તે માટે ધાનેરાના એમ.જે. ભણસાળી દ્વારા ૧૫૦ લીટર કેપીસીટીવાળું વોટર કુલર આપવામાં આવતો શાળાના શિક્ષકો તથા ગામના સરપંચે આભાર વ્યક્ત કર્યો હતો.

## વડોદરાના યાત્રાધામ માલસરમાં શનિ જયંતી નિમિતે મહાયજ્ઞનુ આયોજન

**ભાવિકોને રહેવા - જમવા અને યજ્ઞ સામગ્રી નિઃશુલ્ક પુરી પડાશે : શનિદેવની કેક કપાશે.**

વડોદરા

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના નર્મદા તટે વસેલા માંગલ્યધામ માલસરના ગજાનન આશ્રમમા શનિ જયંતીએ મહાયજ્ઞનુ આયોજન થયું છે.આ યજ્ઞમાં ભાવિકો નિઃ શુલ્ક રીતે જોડાઈ શકે છે.



માલસર ખાતે આવેલા ગજાનન આશ્રમમા તા. ૧૫ મીના રોજ શનિ જયંતી નિમિતે પિતા સૂર્ય અને માતા છાયાના પુત્ર શનિદેવની જયંતી ઉજવાશે.ભાઈ યમરાજ અને યમુનાજી અને તાપી ( નદી) ના ભાઈ શનિની જયંતી નિમિતે મહાયજ્ઞનુ આયોજન થયું છે.જેમા ભાગ લેવા માગતા ભક્તોના રહેવા - જમવા અને યજ્ઞની તમામ સામગ્રી આશ્રમ તરફથી નિઃ શુલ્ક પુરી પાડવામા આવશે.

યજ્ઞમાં વપરાતી સામગ્રી - દ્રવ્યો મા....૧૭ કિલો ગાયનુ ઘી,૨૬ કિલો અડદિયા, ૨૬ કિલો ઔષધિ, ૨૬ કિલો મિઠાઈ , ૨૬૦ કિલો મિક્સ ફળ ,૨૬૦ કિલો કાસ્ટ ,૨૬ કિલો કાજુ,બદામ, ૨૬ કિલો કાળા જાંબુ, ૮ કિલો કાળી દ્રાક્ષ ,સરસવ અને ચમેલીનું તેલ , કાળા તલની ચીકી ,તજ,લવીગ અને એલચી ,મગફળીના દાણા,ટોપરાનુ ખમણ ની આહૂતિ ૨૬ ભૂદેવો દ્વારા અપાશે. ત્યાર બાદ શનિદેવની કેક પણ કાપવામા આવશે. આ યજ્ઞ છેલ્લા ૬ વર્ષથી ગુરુજી વિજય ભાઈ જોષી રાજ-કોટવાળા દ્વારા થાય છે. નોંધનીય છે કે અત્રે ચાલતી પાઠશાળામાં ભણવા આવતા રૃષિકુમારો ( છાત્રો )ને પણ રહેવા, જમવા અને અભ્યાસની સામગ્રી નિઃ શુલ્ક પુરી પાડવામા આવે છે.એમ આશ્રમના અધિષ્ઠાતા ગુરુજીએ જણાવ્યુ છે.

## પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ

પાલનપુર

પહેલી મે ગુજરાતના ૫૮ મા સ્થાપના દિનને અનુલક્ષીને માનવ કલ્યાણ ટ્રસ્ટ સંચાલિતશ્રી મનમંદિર વિદ્યા સંકુલમાં ટ્રસ્ટી મંજુલાબેન પઢિયાર દ્વારા જીવદયાની ભાવનાથી અબોલા પક્ષીઓ માટે શાળાના સંકુલમાં તાજપુરાના રહેવાસીઓને પાણીના કુંડાનું તેમના હસ્તે વિતરણ કરવામાં આવ્યું. જેમનો મુખ્ય હેતુ કુદરતથી સર્જન કરાયેલ બીજા જીવોને આપણે તેમનું જતન કરવું જોઈએ તો ચાલો આપણે પણ સંકલ્પ કરીએ કે કુદરતે આપેલ આવી અમૂલ્ય પ્રકૃતિનું જતન કરીએ.

## માલગઢ ગોગા ઢાળિયામાં સંતવાણી કાર્યક્રમ યોજાયો

ડીસા

માલગઢ ગોગા ઢાળિયામાં સદ્દગત રતનબેનના નિર્વાણદિન નિમિત્તે પૂનમાજીના પરિવાર દ્વારા રાત્રે સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. ભજનીક પૂ.સંત રામનાથજી મહારાજે તેઓની આગવી શૈલિમાં ભજનો રજુ કરીને ભક્તોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. ભક્ત કાન્તીભાઈ ભજનાવળી કરી હતી. તથા મોડી રાત્રી સુધી રામધૂન યોજાઈ હતી.

## શ્રી હનુમાન દાદાની પ્રતિષ્ઠા નિમિત્તે સંતવાણી કાર્યક્રમ યોજાયો

ડીસા

માલગઢ અને કુંપટ એમ બે ગામની વચ્ચે આવેલ હાઈ-વે ભીલડી રોડ પરની જગ્યા પર હનુમાન દાદાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવેલ. અને ભક્તોએ તૈલ-સિંદુરનો ચઢાવો કરી બંને ગામના લોકોએ રાત્રે સંતવાણીનું આયોજન કર્યું હતું, ભજનીક સંત રામનાથજીએ હનુમાન ચાલીસા સાથે ભજનો રજુ કર્યા હતાં. સંત વાણીનું આયોજન માળી ભાઈઓ દ્વારા કરવામા આવેલ.

## એલ.આઈ.સી. ધાનેરા શાખા દ્વારા જાહેર કરેલ વીમા ગ્રામને અનુદાન પેટે રૂ.૨૬ લાખનું વિતરણ


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

એલ.આઈ.સી. તરફથી બીમા ગ્રામ યોજના ઘણા વર્ષોથી લાગુ છે અને પાછળના બે વર્ષ સુધી ધાનેરા શાખા એરિયા (તાલુકા ધાનેરા, દાંતીવાડા, થરાદ, વાવ, સુઈગામ) માં આ યોજના માં ૪૦ ગામ બીમા ગ્રામ જાહેર થયેલ છે. અને ૪૦ ગામમાં સાર્વજનિક કાર્યો માટે ૫૦ હજારથી એક લાખ સુધીનું અનુદાન આપવામાં આવેલ છે. ૪૦ ગામોમાંથી ૩૪-૩૫ ગામોમાં અનુદાન સાર્વજનિક રૂપમાં ચીફ મેનેજરની અને શાખા પ્રબંધક દ્વારા ગામોમાં અનુદાનનો ચેક આપી દીધેલ છે. ૫-૬ ગામોના ચેક આપવા માટે તૈયાર છે. ગામના સરપંચને અનુકૂળતા એ ચેક આપવામાં આવશે. એ ગામ છે જડિયા, માલોત્રા, થાવર, નેનાવા અને નારોલી. સ્કીમ અનુસાર ગામની વસ્તી ૧૦૦૦ થી વધુ ન હોવી જોઈએ, ગામમા નાણાકીય વર્ષમાં ૫૦ થી ૧૦૦ નવી પોલીસી હોવી જોઈએ અને પ્રીમિયમ રૂા.૫ લાખથી ૧૦ લાખની વચ્ચે હોવું જોઈએ. એ શરતો પૂરી હોય તેને માટે આ અનુદાન થઈ રાશી ગામ માં ૫ કાર્યો માટે આપવામાં આવશે જેમાંથી જાહેર શૌચાલય, સ્કૂલમા/ શૌચાલય, પાણીની ટાંકી સ્કૂલમાં મહિલા શૌચાલય, સોલર લાઈટ જેવા કામો થઈ શકશે. ધાનેરા શાખા દ્વારા વીમા ગામ યોજનામાં બે વર્ષ માં ૨૬ લાખનું અનુદાન આપેલ છે. તેવા ગામ છે. અનાપુર છોટા, જડિયા (બે વખત) ધાબા (બેવખત), જાડી, માલોત્રા (બે વખત), ચારડા, ધાનેરા, ચારડા થરાદ, ભોરડું ભોરોલ, જોરાપુરા, સોતવાડા (બે વખત), સામરવાડા, સરાલ, (બેવખત), હડતા, રૂણીએ (બે વખત), ભાજણા (બેવખત) બાપલા, માડકા, નારોલી, વડગામ, વાસણ, રામસન, મીઠાવીયારના, કુવારલા, કોઠીગામ, માલ્લુપુરા, ડુવા, થરા.

## શ્રી સૌધર્મ બૃહતયોગચ્છીય ત્રિસ્તુતિક જૈન સંઘની કારોબારીની રચના

ડીસા

શ્રી સૌધર્મ બૃહતયોગચ્છીય ત્રિસ્તુતિક જૈન સંઘ ડીસાની નવિન કારોબારીની રચના નીચે મુજબ કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ કોરડીયા ચંદુલાલ ડાહ્યાલાલ, ઉપપ્રમુખ વોહેરા મનીષકુમાર જયંતિલાલ, મંત્રી શેઠ અશોકકુમાર વાઘજીભાઈ, સ.મંત્રી મોરખીયા અશોકકુમાર બાબુલાલ, ખજાનચી ધરૂ પ્રવિણચંદ્ર લહેરચંદભાઈ, સ.ખજાનચી વોહેરા નવિનચંદ્ર શાંતીલાલ તથા ટ્રસ્ટી ગણમાં વેદલીયા નરપતલાલ પોપટ લાલ, દોશી ચંદ્રકાન્ત નાથાલાલ, સંઘવી રસીકલાલ કીર્તીલાલ, મોરખીયા પ્રવિણચંદ્ર મફતલાલ, ભણશાળી રજનીકાંન્ત જયંતિલાલ, વેદલીયા મહાસુખલાલ મફતલાલ, દોશી મફતલાલ તેજસીભાઈ, વિરવાડીયા રમેશચંદ્ર શાંતીલાલ, કોરડીયા દિનેશચંદ્ર વાઘજીભાઈ, વેદલીયા ચેતનકુમાર શાંતીલાલ, દોશી જગદીશચંદ્ર મફતલાલ, વોહેરા શૈલેષકુમાર બાબુલાલ (અ.ભા.રાજેન્દ્ર જૈન નવયુવક પરિષદ પ્રમુખ) ની વરણી કરાઈ છે.

## ગુજરાતમાં સોનાની માંગમાં ૫૪ ટકા સુધી થયેલો ઘટાડો

અમદાવાદ

ગુજરાતમાં સોનાની માંગમાં ૫૪ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થઇ ગયો છે. લગ્નની સિઝન અને તહેવારના મુહુર્ત પણ સોનાની માંગને વધારવામાં સફળ રહ્યા નથી. ગુજરાતમાં સોનાના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો થવા માટે કેટલાક કારણો જવાબદાર છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ નામથી તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૮ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં સોનાની માંગમાં ૧૨ ટકા સુધીનો ઘટાડો થઇ ગયો છે. ગુજરાતમાં પણ આ પ્રવાહ કોઇ અલગ નથી. હકીકતમાં ગુજરાતમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં સોનાની માંગમાં ૫૪.૪ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૧૮ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સોનાની આયાતનો આંકડો ૧૧.૨ મેટ્રિક ટનની આસપાસ રહી છે જયારે ૨૦૧૭ના આજગાળામાં સોનાની આયાતનો આંકડો ૨૪.૫ મેટ્રિક ટનની આસપાસ રહ્યો હતો. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સોનાની કિંમતમાં થઇ રહેલા વધારા તથા ડોલર સામે રૂપિયો નબળો પડતા તેની અસર પણ સોનાની માંગમાં જોવા મળી છે. સોનાની કિંમતો ત્રણ સપ્તાહથી ૩૨૦૦૦થી ઉપર જોવા મળી રહી છે.

## યુવા પેઢીને મોટા ફાયદા ઓફર કરવા વોડાફોન અને એસુસે જોડાણ કર્યું

વોડાફોને ગ્રાહકોને વિવિધ મોટાં લાભ આપવા આજે એસુસ સાથે જોડાણ કરવાની જાહેરાત કરી હતી. આ ઓફર નવા લોંચ થયેલા એસુસ ઝેનફોન મેક્સ પ્રો (એમ૧) સ્માર્ટફોન ખરીદનાર વોડાફોન નાં ગ્રાહકો માટે છે. અત્યારે આ મોબાઈલ ફક્ત ફ્લિપકાર્ટ પર ઉપલબ્ધ થશે, જે વોડાફોનનાં પોસ્ટપેઈડ અને પ્રીપેઈડ ગ્રાહકોને ઘણી મૂલ્ય સંવર્ધિત સેવાઓ અને આકર્ષક ઓફરનો લાભ આપશે.

આ જોડાણનો ઉદ્દેશ વાજબી કિંમત ધરાવતા આ હાઈ પર્ફોર્મન્સ સ્માર્ટફોનને વધારે કિફાયતી બનાવવાનો, વધારે ફ્રી ડેટા આપવાનો અને નોન ટેલિકોમ મૂલ્ય સંવર્ધિત સેવાઓ પ્રદાન કરીને ગ્રાહકોનાં માસિક ખર્ચને ઘટાડવાનો છે. એસુસ ઝેનફોન મેક્સ પ્રો (એમ૧) ખરીદનાર વોડાફોન નાં પ્રીપેઈડ ગ્રાહકોને એક વર્ષ માટે દર મહિને ૧૦ જીબી ફ્રી ડેટાનો લાભ મળશે એટલે કે વર્ષે ગ્રાહકને ૧૨૦ જીબી ફ્રી ડેટા વધારે મળશે. આ ઓફરનો લાભ રૂ. ૧૯૯ અને તેનાથી વધારે રકમનો પ્લાન ખરીદનાર વોડાફોનનાં પ્રીપેઈડ ગ્રાહકોને મળશે. રૂ. ૩૯૯ અને તેનાથી વધારે કિંમતનો રેડ પ્લાન સબસ્ક્રાઇબ કરનાર તથા એસુસ ઝેનફોન મેક્સ પ્રો (એમ૧) ખરીદનાર વોડાફોન નાં પોસ્ટપેઈડ ગ્રાહકોને પણ દર મહિને ૧૦ જીબી વધુ ડેટાનો લાભ મળી શકે છે. ઉપરાંત વોડાફોનનાં રેડ પોસ્ટપેઈડ ગ્રાહકો બે વર્ષનાં સમયગાળા માટે ફ્રી રેડ શીલ્ડ ડિવાઇઝ સિક્યોરિટી સોલ્યુશન પણ મેળવશે.

### ધાનેરા ગંજબજારને પૂર હોનારતથી બચાવવા

# બે કરોડના ખર્ચે ૧૨ ફૂટ ઉંચી સંરક્ષણ દિવાલ બાંધવાની કામગીરી શરૂ

(તા.પ્રતિ.) ધાનેરા

બનાસકાંઠાના ધાનેરા ખાતે ગત ચોમાસામાં સર્જાયેલ પુર હોનારત વખતે પુરના પાણી ગનજ બજારમાં ફરી વળતા વેપારીઓને વ્યાપક નુકશાન થયું હતું.જોકે આગામી વર્ષોમાં આવું નુકશાન થતું અટકાવવા માટે ધાનેરા બજાર સમિતિ દવારા પોણા બે કરોડ રૂપિયાના ખર્ચે મજબૂત સંરક્ષણ દીવાલ બાંધવાનો આવકાર્ય નિર્ણય લેવાયો છે અને આ દિવાલનું બાંધકામ પણ શરું કરી દેવાતાં વેપારીઓએ હાશકારો અનુભવ્યો છે.

ધાનેરા બજાર સમિતિ દ્વારા ગનજબજાર ફરતે ૧૨ ફૂટ ઊંચી મજબૂત દીવાલ બાંધવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે.સંભવિત પુર હોનારતમાં કરોડો રૂપિયાનું નુકશાન અટકાવવા માટે હાથ ધરાયેલ આ કામગીરીથી વેપારીઓ પણ ખુશ થઈ ગયા છે.૨૦૧૫ તેમજ ૨૦૧૭ ના વર્ષે પુર હોનારતનો ભોગ બનેલા ધાનેરા તાલુકામાં પુરના પાણીએ ભારે તબાહી મચાવી હતી.આ પુર હોનારત વખતે ધાનેરા બજાર સમિતિના વેપારીઓને પણ ૧૦૦ ટકા નુકશાન વેઠવું પડ્યું હતું .ગત વર્ષે આવેલા પુર વખતે પણ ધાનેરાના ગંજ બજારમાં પડેલ કરોડો રૂપિયાની કિંમતનું અનાજ પાણીમાં ગરકાવ થઈ જતા વેપાર પડી ભાગ્યો હતો.ગુજરાતના મુખ્યમંત્રી સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનોએ પણ ધાનેરાના ગંજ બજારની મુલાકાત લઇ વેપારીઓને આશ્વાસન આપ્યું હતું.આવી સ્થિતિમાં ફરી ધાનેરાના હાર્દસમા ગંજબજારમાં પુરનું પાણી કોઈ તબાહી ના સર્જે તે માટે બજાર સમિતિના ચેરમને તાકીદે જે જગ્યાએ પાણીનો આવરો છે તે જગ્યાનું સર્વે કરાવી ૧૨ ફૂટ ઊંચી સિમેન્ટની મજબૂત દીવાલ બાંધવાનું કામ શરૂ કરાવ્યુ છે.હાલ ધાનેરા બજાર સમિતિ દ્વારા યુદ્ધના ધોરણે આ સંરક્ષણ દિવાલનું બાંધકામ ચાલી રહ્યું છે.ધાનેરા બજાર સમિતિના ચેરમેન ભૂરાભાઈ પટેલની સીધી દેખરેખ હેઠળ ચાલતા આ કામથી વેપારીઓ પણ ખુશ જોવા મળી રહ્યા છે.સતત બે વખત પુર હોનારતનો ભોગ બનેલ વેપારી આલમ માટે થતા આ કામની ચારે કોર સરહના થઈ રહી છે.

બજાર સમિતિના ચેરમેન ભૂરાભાઈ પટેલના જણાવ્યાં અનુસાર પ્રોટેકશન દીવાલ બન્યા પછી વેપારીઓ તેમજ ખેડૂતોના માલને વરસાદી પાણીથી બચાવી શકાશે અને ગંજબજાર પુરનું પાણી પહોંચે નહી તે માટે આ દીવાલ મજબૂત સંરક્ષણ પૂરું પાડશે. ધાનેરા બજાર સમિતિમાં અગાઉ પણ અઢી વર્ષ માટે ભૂરાભાઈ પટેલે ચેરેમન તરીકે બજાર સમિતિનું સુકાન સંભાળ્યુ હતું.ત્યારે તેમણે પોતાની બીજી ટર્મમાં પ્રથમ આ કામને પ્રાધાન્ય આપતા વેપારીઓ તેમજ ખેડૂતોમાં પણ આનંદની લાગણી ફેલાઈ છે.

# માઉન્ટ આબુની રીયલ ઈન્ડિયા ક્રેડીટ સોસાયટીનું પણ ઉઠમણું

### અમીરગઢના રોકાણકારે નાણાં પરત મળવાની લાંબા સમય સુધી રાહ જોયા બાદ નોંધાવી ફરિયાદ

(પ્રતિ.) અમીરગઢ

નાસકાંઠાને અડીને આવેલા રાજસ્થાનના માઉન્ટ આબુને મુખ્ય કેન્દ્ર બનાવી અસંખ્ય લોકોને ચૂનો ચોપડી ગયેલા આદર્શ ક્રેડીટ સોસાયટીના સંચાલકોના કારસ્તાને રોકાણકારોને રોવડાવ્યા બાદ માઉન્ટ આબુની વધુ એક ક્રેડિટ સોસાયટીનું પણ ઉઠામણું થયું હોવાની વાતો વહેતી થઈ છે અને આ સોસાયટીમાં મોટી રકમનું રોકાણ કરી ફસાયેલા અમીરગઢના એક રોકાણકારે આ મામલે પોતાના નાણાં પરત મેળવવા માટે છેવટે પોલીસનો આશરો લીધો છે.

આ છેતરપિંડી પ્રકરણની વિગતો કઈક એવી છે કે બનાસકાંઠાના અમીરગઢ ખાતે રહેતા ભરતભાઈ મગતુરામ અગ્રવાલે અમીરગઢના જ જહુરખાન રંગરેજ તેમજ આબુરોડના ગોવિંદભાઈ રાવલ અને વિજયભાઈ બૈરવાની વાતો પર વિશ્વાસ મૂકી બેન્ક કરતા ઊંચું વ્યાજ આપતી માઉન્ટ આબુની રિયલ ઈન્ડિયા ક્રેડીટ સોસાયટીમાં પૈસાનું રોકાણ કરતા આ સોસાયટીએ એક વર્ષની પાકતી મુદતે ૧૪ ટકા વ્યાજ સાથે રોકાણની રકમ પરત ચૂકવી દીધી હતી. બાદમાં આ ઈસમોએ ફરી વધુ રોકાણ કરવા આગ્રહ કરતા ભરતભાઈ અગ્રવાલે તેમના પત્ની મંજુબેનના નામે ૨૦૧૫ના વર્ષે આ સોસાયટીમાં વધુ ૬,૮૦,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું. જોકે ૨૦૧૬ના વર્ષે પાકતી મુદતે ભરતભાઈ અગ્રવાલને કુલ ૭,૬૩,૩૦૦ રૂપિયા લેવાના થતા હતા પરંતુ સોસાયટીની અમીરગઢ ખાતેની બ્રાન્ચ ઓફિસને તાળું લાગી ગયું હોઇ તેઓએ વારંવાર માઉન્ટ આબુ રૂબરૂ જઇ પોતાની રકમની ઉઘરાણી કરી હતી. પરંતુ આજસુધી પોતાના પરસેવાની કમાણીના નાણાં પરત ના મળતા ભરતભાઈ અગ્રવાલે છેવટે અમીરગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી ન્યાય અપાવવાની માંગણી કરી છે. ફરિયાદી ભરતભાઈ અગ્રવાલે જણાવ્યું હતું કે સંખ્યાબંધ લોકો આ સોસાયટીમાં ઊંચા વ્યાજની લાલચમાં લપેટાઈ છેતરાયા છે ત્યારે પોલીસ આવા સફેદ ઠગો સામે યોગ્ય પગલાં લે તે ઈચ્છનીય છે.

# થરાદના કુંભારામાં ગોગાજીના મંદીરમાં ચોરી

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના કુંભારા ગામે રબારીવાસમાં આવેલ ગોગાજીના મંદીરમાંથી ચાંદીની મોટી અને નાની મૂર્તિઓની ચોરી થતા નાનકડા ગામમાં ચકચાર મચી જવા પામી છે.

ગામના રબારીવાસમાં આવેલ ગોગાજીના મંદીરે ગામના છતરાભાઈ રૂપાભાઈ રબારી પૂજા કરે છે જેઓ ગઈકાલે સવારે નિત્ય ક્રમ મુજબ મંદીરે આવ્યા હતા પરંતુ દરવાજો તોડી અંદર જોતા ગોગાજીની ૫ કિલો ચાંદીની મૂર્તિ અને અન્ય નાની મૂર્તિઓ દેખાયેલ નહી. તેથી ચોરીની જાણ થતા તેમણે ગામલોકોને બોલાવ્યા હતા. જેમણે તપાસ કરતાં ગામના થાનાભાઈ સવાભાઈ રાજપૂતે જણાવેલ કે વજાભાઈ રાજાભાઈ હડીયલ (મલુપુર) સહિત ત્રણ લોકો મંદીર આજુબાજુ ફરતા હતા. જેથી તેમણે શકદાર સહીત ત્રણ સામે થરાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

# ભાભરના મેરા ગામેથી વિદેશી દારૂ પકડાયો

### આરોપી સાથે રૂા.૭૭,૨૦૦ નો મુદામાલ જપ્ત

તા.પ્રતિ. ભાભર

ભાભર પોલીસ ઉપરથી બાતમી દારોનો વિશ્વાસ ઉઠી ગયો હોય તેમ લાગી રહ્યું છે ત્યારે બાતમી દારોએ એલ.સી.બી. પાલનપુરને વિદેશી દારૂની બાતમી આપેલ જે અનુસંધાને ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂ સાથે આરોપી ઝડપાતા ચકચાર મચી છે.

જિલ્લા પોલીસવડાની સૂચનાથી એલ.સી.બી.પાલનપુર ના પી.એસ.આઈ. એમ.આર. મોહનીયા, એન.એન.પરમાર અને પો.કો. ભરતભાઈ, પ્રકાશચંદ્ર અને ક્રેગાજીની ટીમ ભાભર પંથકમાં પેટ્રોલીગમાં હતી. તે દરમ્યાન બાતમી હકિકત આધારે ભાભર તાલુકાના મેરા ગામના પાટીયા પાસે નાકાબંધી કરીને મારૂતી અલ્ટો ગાડી (નં.જી.જે.૦૬. એ.એ ૧૫૯૫) ઉભી રખાવી તલાસી લેતા ગાડી ચાલક ધનુભા સબળસીંગ રાઠોડ (રહે. ભાભર) ને ઝડપી પાડી ગાડીમાં વિદેશી દારૂ બોટલ નંગ ૨૭૨ (કિ.રૂા.૨૭૨૦૦/-) તથા (કિ.રૂા.૫૦,૦૦૦/-) મળી કુલ રૂા.૭૭૨૦૦/- મુદામાલ કબજે લઈ તેનો ભાભર પોલીસ મથકે ગુનો નોંધાવવામાં આવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

# થરાદ તાલુકાના મલુપુર લોઢનોર અને ચુવા ખાતે મંત્રી પરબતભાઈ પટેલે જળસંચયના કામોનું નિરીક્ષણ કર્યુ



વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

થરાદ તાલુકાના મલુપુર લોઢનોર અને ચુવા ખાતે મંત્રીશ્રી પરબતભાઈ પટેલે જળસંચયના કામોનુંખાત મુહુર્ત કરાયું હતું જેમાં થરાદ ના જજ્ઞદ્ધ એ કે કલસરિયા, થરાદ તાલુકા પંચાયતના પ્રમુખ ઉમેદસિંહ ચૌહાણ, આર, પી, ગોહિલ, મામલદાર, કે .સી ગરાસિયા, મલુપુર ગ્રામ પંચાયત સરપંચ સહિત ગ્રામ જનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

થરાદ તાલુકાના મલુપુર લોઢનોર અને ચુવા ખાતે સિંચાઇ અને પાણી પુરવઠા મંત્રી પરબતભાઇ પટેલે તળાવોના કામોનું કામોનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે તા.૧ મે ગુજરાતના સ્થાપના દિવસથી સમગ્ર રાજ્યમાં જળસંચય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે અને આ અભિયાન તરીકે તા.૩૧ મે સુધી ચાલશે. જેમાં વિશાળ પ્રમાણમાં જળસંચયના કામો કરવામાં આવશે. તેમણે કહ્યું કે આવતીકાલ તા.૫ મે ના રોજ વાવ તાલુકાના કુંભારડી ખાતે મુખ્યમંત્રી શ્રી જળસંચયના કામોનું નિરીક્ષણ કરશે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં બનાસકાંઠા જિલ્લામાં આવેલા ભારે પૂરમાં લાખો કરોડો લીટર પાણી કચ્છના રણમાં વહી ગયું હતું. વરસાદનું પાણીનું એક એક બુંદ રોકવામાં આવે તો લાખો કરોડો લીટર પાણી વેડફાતું બચાવીને જળ સાથેનું મોટું કામ કરી શકાય છે. બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં તળાવો ચેકડેમો ઉંડા કરવાનું અને નદીનું ડીશિલ્ટિંગ કરવાનું કામ ચાલે છે. મંત્રીશ્રીએ કહ્યું કે પહેલાં પાણી મેળવવા માટે બેડાઓ લઈ દૂર દૂર જવું પડતું હતું હવે ઘેર ઘેર નળ કનેક્શન આવવાથી અને સંકટ દૂર થયું છે. તેમણે કહ્યું કે નર્મદાના નીર અને સુજલામ સુફલામ યોજનાથી આ વિસ્તારમાં હરિયાળી પથરાઇ છે અને સુખાકારી આવી છે. તા.૧૪ એપ્રિલથી સમગ્ર દેશમાં ગ્રામ સ્વરાજ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે આ અભિયાન દરમિયાન લોકોના ઘરે ઘરે જઇ તેમને લાભો આપવામાં આવી રહ્યા છે. મંત્રીએ કહ્યું કે પાણી વગર જીવન જીવવું અશક્ય છે. પાણીને પ્રભુનો પ્રસાદ સમજી તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ તો આપણી આવનારી પેઢીને પાણી માટે તકલીફ નહી પડે.

# સાસરે આવેલી વહુને દીકરી ગણજો, વહુ ને પણ દૂધમાં સાકરની જેમ ભળી જવાની શિખામણ

### બનાસકાંઠા ઠાકોર સમાજના લગ્નોત્સવમાં ૩૩ નવદંપતિએ પ્રભૂતામાં પગલાં પાડ્યા

પાલનપુર

સાસરે આવેલી વહુ સાથે સાસુ -સસરા પોતાની દીકરી ગણીને સન્માન આપે અને પોતાના માતા- પિતા, ભાઇ- બહેનને છોડીને આવેલી વહુ પણ જેમ દૂધમાં સાકર ભળે તેમ સાસરીયામાં ભળી જાય તો તેનો સંસાર સુખરૂપ પસાર થાય લોકો પણ યાદ કરે કે ઠાકોર સમાજની દીકરીએ બે કુળ ઉજાળ્યા તેવી શિખામણ પાલનપુરના ચડોતર ખાતે શુક્રવારે યોજાયેલા બનાસકાંઠા જિલ્લા ઠાકોર સમાજ આયોજીત સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોએ આર્શિવાદ આપતા આપી હતી. જ્યાં ૩૩ નવયુગલોએ પ્રભૂતામાં પગલા પાડ્યા હતા.

બનાસકાંઠા જિલ્લા ઠાકોર સમાજ લગ્નોત્સવ સમિતિ પાલનપુર દ્વારા શનિવારે ચડોતર નજીક પંચાલ સમાજનીવાડી ખાતે સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૩૩ નવ દંપતિએ પ્રભૂતામાં પગલા પાડ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા મહાનુભાવોએ નવ દંપતિઓને આર્શિવાદ આપતા જણાવ્યું હતુ કે, સાસરે આવેલી વહુ સાથે સાસુ -સસરા પોતાની દીકરી ગણીને સન્માન આપે અને પોતાના માતા- પિતા, ભાઇ- બહેનને છોડીને આવેલી વહુ પણ જેમ દૂધમાં સાકર ભળે તેમ સાસરીયામાં ભળી જાય તો તેનો સંસાર સુખરૂપ પસાર થાય લોકો પણ યાદ કરે કે ઠાકોર સમાજની દીકરીએ બે કુળ ઉજાળ્યા તેવી શિખામણ આપી હતી. જ્યાં વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, પાલનપુર ધારાસભ્ય મહેશભાઇ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઇ ગઢવી,

અનુસંધાન પાના નં.૬

# થરા માર્કેટયાર્ડ ખાતે રાયડાની ટેકાના ભાવથી ખરીદીનો શુભારંભ



યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકા વહેપારી મથક થરા માં આવેલ માર્કેટયાર્ડ માં ટેકાના ભાવે મગફળી ખરીદીમાં રાજય વ્યાપી કૌભાંડની તપાસમાં ગોદડીએ ગોટો વળ્યોને ટેકાના ભાવે રાયડાની ખરીદીની શુભ શરૂઆત.

ગુજરાત સરકાર દ્વારા ટેકાના ભાવે રાયડાની ખરીદી ધી કાંકરેજ તાલુકા ખરીદ - વેચાણ સંઘ, થરા એ ગઈ કાલે શુભ શરૂઆત કરેલ. ત્યારે સંઘ ના ચેરમેન અમરતભાઈ આર. દેસાઈ તથા એ.પી.એમ. સી. ચેરમેન અણદાભાઈ આર. પટેલ ના વરદ હસ્તે શ્રીફળ વધેરી શુભ શરૂઆત કરેલ.

અનુસંધાન પાના નં.૬

# કંબોઈ દિયા તળાવની ખાણ ખનીજ વિભાગ દ્વારા માપણી



સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

આજરોજ કાંકરેજના કંબોઈના દિયા તળાવ મા સોમવારે કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ અને સર્કલ ઓફિસર બચુજી સોલંકી એ ઓચિંતી રેડ કરતા વિના પરવાનગી એ દિયા તળાવ માંથી પાટણ ભીલડી રેલ્વે લાઈન ના કોન્ટ્રાકટર ભીમજી વેલજી સોરઠીયા કન્ટ્રક્શન કંપની દ્વારા વિના મંજૂરી એ તળાવ માંથી માટી ખનન કરવા નું કામ ચાલી રહ્યું હતું, તે કામ ને અટકાવી મામલતદાર કાંકરેજ દ્વારા કાયદેસર કાર્યવાહી કરી મુદ્દામાલ સિઝ કરી ખાણ ખનીજ પાલનપુર ને મોકલી આપેલ ત્યારે આજ રોજ પાલનપુર ખાણ ખનીજ પાલનપુરથી સર્વેયર મેહુલ દવે અને ટિમ સ્થળ પર આવી બિન અધિકૃત ખોદકામ થયેલ તળાવ ની માપણી કરવામાં આવેલ હતી અને માપણી કરી કાયદેસર દંડ કરવામાં આવશે.

# દારૂબંધીના મામલે ગાફેલ રહેલા બનાસકાંઠાના ત્રણ પોલીસકર્મી સસ્પેન્ડ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં દારૂબંધીનાં આકરા અમલ માટે જિલ્લા પોલીસ અધિક્ષકે ખૂબ કડક અભિગમ અપનાવી ફરજમાં ગાફેલ રહેલા વધુ ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દેતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.બનાસકાંઠા

જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ બડગુજરે આકરું વલણ અપનાવી દારૂ ની રેડ વખતે ગાફેલ રહેલા વધુ ત્રણ પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરી દીધાં છે.અંબાજી પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ અતુલભાઈ અને યોગેશકુમારે તેમના ફરજક્ષેત્રમાં દેશી દારૂનું વેચાણ થતું હોવા છતાં રેડ કર્યા બાદ કેશ ન કરતાં આ બન્ને કોન્સ્ટેબલો વિરુદ્ધ લાલ આંખ કરી તેમને સસ્પેન્ડ કરી દેવાયા છે. અન્ય એક ઘટનામાં બનાસકાંઠાના માવસરી પોલીસ મથકના કોન્સ્ટેબલ બુટલેગર પાસેથી દારૂની બોટલ લેતો વિડીયો વાયરલ થતા આ મામલાને પણ ગંભીરતાથી લઈ જિલ્લા પોલીસ અધિક્ષકે માવસરી પોલીસ મથકના એ.એસ.આઈ. દલાભાઈને પણ સસ્પેન્ડ કરી દીધા છે.

જિલ્લા પોલીસ અધિક્ષકે કડક અભિગમ અપનાવી ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દેતાં પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

# ડીસામાંથી ચોરાયેલ બાઈક સાથે ખરડોસણનો શખ્સ ઝડપાયો



ભરત સુંદેશા

### બાઈક ચોરીનો ભેદ બીજા જ દિવસે ઉકેલાયો

ડીસા

ડીસાના સિન્ધી કોલોની વિસ્તારમાંથી ચોરાયેલ બાઈક સાથે આવેલ તસ્કરા અને બીજા દિવસે પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કરી દીધો હતો.

દક્ષિણ પોલીસ મથકના એ.એસ.આઈ. વિરમાભાઈ અને નરસંગભાઈ શહેરમાં પેટ્રોલિંગમાં ફરતા હતા. તે દરમિયાન લાઠી બજારમાં એક બાઈક ચાલક તેમને જોઈને નાસવા લાગેલ તેથી પિછો કરી તેને ઝડપી પાડી બાઈકના કાગળો માંગ્યા હતા. પરંતુ તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. પરંતુ તેની પાસેનુ બાઈક (નં.જી.જે.૦૮.એચ.૫૯૭૦) તા.૩/૫/૨૦૧૮ ના રોજ શહેરના સિન્ધી કોલોની હાર્ડવેર શો-રૂમ આગળથી ચોરાયું હોવાની ખેતસીંહ દેવસિંહ ટાંકે (સમશેરપુરા) એ ફરીયાદ નોંધાવેલ હતી. જેથી બાઈક ચોરનું નામ પુછતા તે દિલિપજી પારજીજી ઠાકોર (ખરડોસણ) હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તેની અટકાયત કરી જેલ હવાલે કરી દીધો હતો.

# દાંતા ગ્રામ પંચાયતના સભ્યોએ ખોટા દસ્તાવેજ ઉભા કરતાં ચકચાર

પ્રતિનિધિ અંબાજી

દાંતા તાલુકા માં દાંતા ગ્રામપંચાયત માં ચૂંટાઈ આવેલા ૪ જેટલા સભ્યો એ દાંતા ગ્રામપંચાયત નો લેટરપેડ અને ગોળ સિક્કા બનાવી ખોટા દસ્તાવેજો ઉભા કરી સરકારી લાભ લીધા હોવાના મામલે સમગ્ર દાંતા પંથક માં ચકચાર મચી જવા પામી છે

દાંતા ગ્રામપંચાયત માં છેલ્લા કેટલાક સમય થી સભ્યો અને સરપંચ વચ્ચે ચાલતા વાદ વિવાદ નું પોત પ્રકાશ માં આવ્યું છે જોકે આ મામલે દાંતા સરપંચ ને ખબર પડી જતા તાત્કાલિક પંચાયત ના સભ્યો ની બેઠક બોલાવી ઠરાવ પસાર કરી આ બનાવટી લેટરપેડ અને ગોળ સિક્કા બનાવી તેનો દુરુપયોગ કરી સરકારી યોજના નું ખોટો લાભ લઈ કૌભાંડ આચરવા બાબતે ગ્રામપંચાયત ના સરપંચ દ્વારા દાંતા પોલીસ માં ફરિયાદ નોંધવા પામી છે.. જોકે આ બાબતે સરકારી યોજના નું ખોટી રીતે ખોટો લાભ લેવા બાબતે તથા બનાવટી લેટરપેડ અને સરપંચ ના હોદ્દા ના તથા પંચાયત ના ગોળ સિક્કા બનાવી કેટલાક ખોટા લાભો લીધા છે તેવી પણ પોલીસ માં આપેલી ફરિયાદ માં તાપસ થવા માંગ કરાઈ છે.

# જગાણા એસ.કે.મહેતા હાઈસ્કૂલના સિનીયર કલાર્કનો વિદાય સમારંભ



સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના જગાણાની એસ.કે.મહેતા હાઈસ્કૂલના સિનિયર કલાર્ક તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપનાર કે.પી. લોહ તાજેતરમાં વય નિવૃતિ થતાં તેમના માનમાં વિદાય સમારંભ યોજાયો હતો. શાળા સ્ટાફગણ વિદ્યાર્થીઓ તેમજ સમાજમાં પોતાની આગવી છાપ ઉભી કરનાર શ્રી લોહ ફરજ નિષ્ઠ કામગીરી કરી હતી જુનીયર કલાર્કમાંથી સિનીયર કલાર્કનું પ્રમોશન મેળવનાર કે.પી.લોહ શાળા પરિવારમાં પોતાની કર્તવ્ય નિષ્ઠતાને લીધે જાણીતા હતા.

૨૭ વર્ષ સુધી શાળા પરિવારમાં સેવાઓ આપનાર શ્રી લોહનો મિલનસાર સ્વભાવ, મુદુભાષિતા વગેરેને કારણે તેઓ તેમનો આગવો પરિચય ઉભો કરેલો. તેમના સન્માન રૂપે વહીવટી કર્મચારી તરફથી ફુલહાર લક્ષ્મીજીની મૂર્તિ અર્પણ કરવામાં આવી હતી. વિશેષમાં શાળાના કચેરી અધિક્ષક હેડકલાર્ક વગેરેએ પણ તેમને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

# ડીસામાં સીનીયર સીટીઝન પાર્કના બાંકડા તુટેલી હાલતમાં



જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસા નગરપાલિકા દ્વારા ત્રણ વર્ષ અગાઉ સીનીયર સીટીઝન માટેના બાંકડા મુકવામાં આવ્યા હતા જે અત્યારે તુટેલી હાલતમાં જોવા મળતા સીનીયર સીટીઝનોમાં કચવાટની લાગણી જોવા મળે છે.

ડીસા બટાટા સંશોધનની બાજુમાં આવેલ જલારામ રોડ ઉપર સીનીયર સીટીઝન પાર્ક માટે નગરપાલિકા દ્વારા ત્રણ વર્ષ અગાઉ બાંકડા નાંખવામાં આવ્યા હતા જે અત્યારે તૂટેલી હાલતમાં જોવા મળતા સીનીયર સીટીઝનોને બગીચામાં બેસવા માટે જવું પડે છે. તો તેની આજુબાજુ ગંદકી પણ જોવા મળી રહી છે. નગરપાલિકા દ્વારા તાત્કાલિક નવીન બાંકડા નાંખી સીનીયર સીટીઝનોને બેઠક (બાંકડા) નાંખવામાં આવે તેવી સીનીયર સીટીઝનોની માંગ છે.


**ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ**

રવાના : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબ સ્ટેશન કંપાઉન્ડ,
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા

**આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ૬૬ કે.વી. સતલાસણા સબસ્ટેશનથી ૬૬ કે.વી. ગોરાડ સબસ્ટેશનમાં જતી ૬૬ કે.વી. સતલાસણા - ગોરાડ એકવડી લાઈનમાંથી લીલો કરી ૬૬ કે.વી. બેવડી લીલો સોલસંડા લાઈનમાંથી તા.૦૭/૦૫/૨૦૧૮ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિધુત લાઈન મોજે ગામ સોલસંડા, જિતપુર, લોટાલ, મોતીપુરા, જવાનપુર, અદેરણ, ભાચલીયા, રંગપુર, મહુડી, નાની ટુડીયા, જસવપુરા, મધુસુદનપુરા, વીસુર, રાણોલ, ઘંટોડી, વાવ ઘંટોડી, પૃથ્વીરાજગઢ ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તા.દાંતા, જિ.બનાસકાંઠા તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિધુત લાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિન અધિકૃત વ્યકિતએ અડકવું નહીં. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જીંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યકિત - પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.**

તા.૦૩/૦૫/૨૦૧૮

(એન.બી.પઢિયાર)
કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા



**ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ**

રવાના : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબ સ્ટેશન કંપાઉન્ડ,
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા

**આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, હયાત ૬૬ કે.વી. નવા સુદાસણા સબ સ્ટેશનથી નવીન ૬૬ કે.વી. મોટાસડા સબ સ્ટેશનમાં જતી ૬૬ કે.વી. સુદાસણા - મોટાસડા એકવડી લાઈનમાંથી તા.૦૭/૦૫/૨૦૧૮ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિધુત લાઈન મોજે ગામ મોટાસડા, અંધારીયા, હરીગઢ, બામણીયા, નાગેલ, મોરીયા, સવઈપુરા, જસવંતપુરા, સેંબાલીયા, તાલેગઢ, તખતપુરા, જસપુરીયા, ઉંબરી, મોહમદપુરા, નવા સુદાસણા, સુદાસણા ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તા.દાંતા/વડગામ/સતલાસણા, જિલ્લો - બનાસકાંઠા/મહેસાણા. તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિધુત લાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિન અધિકૃત વ્યકિતએ અડકવું નહીં. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જીંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યકિત - પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.**

તા.૦૩/૦૫/૨૦૧૮

(એન.બી.પઢિયાર)
કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા

## તંત્રી સ્થાનેથી ...

**કોયલ જ વસંતના ગુણોને જાણે છે, કાગડો નહીં.**

# વિકાસ કામોના નાણાંની સમીક્ષા થવી જરૂરી

દર વખતે રાજ્ય સરકાર દ્વારા વિકાસ કામોની યાદી તૈયાર કરવામાં આવતી હોય છે. શહેર અને ગામડાઓમાં જે જે વિકાસ કામો હાથ ધરવામાં આવે છે તેની પાછળ કરોડોનો ખર્ચ થતો હોય છે. પરંતુ ક્યાં કરેલા વિકાસ કામો થાય છે તે બાબતે એક અહેવાલ જાહેર થવો જોઈએ. આમ તો વિધાન ગૃહમાં દરેક પ્રશ્નો ચર્ચાતા હોય છે પરંતુ બાકીના વિકાસ કામો ક્યારે પૂર્ણ થશે તે બાબતે સરકારે નક્કી કરવું જોઈએ સરકારે હમણાં વર્ષ માટેનું કુલ બજેટ રૂા.૧.૮૩૦૬૬૬ કરોડ જાહેર કર્યું હતું. તેમાંથી ૪૩.૫૩ ટકા એટલે કે ૮૦.૧૩૨ કરોડ રૂપિયા તો માત્ર સરકારી કર્મચારીઓનો પગાર પેન્શન અને દેવાનું વ્યાજ ચૂકવવામાં આવે છે.

વર્તમાન સંજોગોમાં સરકાર દ્વારા જે ખર્ચ-કરવામાં આવે છે તે બાબતે વિપક્ષો દ્વારા વિરોધ કરવામા આવતો હોય છે. પરંતુ વિરોધ કરવાથી વર્તમાન સરકારને કોઈ ફર્ક પડે તેમ નથી. નીતિ નિયમો મુજબ વિરોધ કરવો વ્યાજબી માની શકાય. રાજ્ય સરકારના વિવિધ ખાતાઓના કર્મચારીઓ સરકારી સંલગ્ન સંસ્થાઓના કર્મચારીઓની કુલ સંખ્યા ૪.૬૨.૯૪૫ જેટલી છે તે તમામને આ વર્ષે કુલ ૨૯.૭૫૧ કરોડ પગાર પેટે ચૂકવાશે. ત્યારે નિવૃત્ત થયેલા કર્મચારીઓને પેન્શન પેટે કુલ રૂા.૧૪.૪૫૮ કરોડ ચૂકવવામાં આવનાર છે. જે વેતન છે તે પ્રમાણે સરકાર દર વખતે ચૂકવે છે. ત્યારે અમુક જિલ્લામાં એવું બને છે કે બે ત્રણ મહિના સુધી કર્મચારીઓ પગારથી વંચિત રહી જતા હોય છે આથી તેમની આર્થિક સ્થિતિ ડામાડોળ બની રહે છે, સરકારે આ બાબતે યોગ્ય કરવું જરૂરી છે ક્યા વિસ્તારમાં વિકાસ માટે કેટલા નાણાં ઉપલબ્ધ કરાયા તે નક્કી હોતું નથી. કહેવાય છે કે રાજ્ય સરકાર આ વખતે બિન-વિકાસલક્ષી કરતાં ૪૧.૫૫૩ કરોડ વિકાસલક્ષી ખર્ચ કરશે. જો કે રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષોથી પેન્શનોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે જેમાં રાજ્ય સરકારના ૩.૨૪.૦૦૦ પંચાયતો અને પ્રાથમિક શિક્ષકો મળીને કુલ ૪.૩૪.૫૬૧ પેન્શનરોને લાભ મળશે. જેના કારણે આ વર્ષે રાજ્ય સરકાર ઉપર વધારાનો રૂા.૧૩.૫૫૦ કરોડનો બોજો પડશે. તેવું નાણાંમંત્રી નીતિન પટેલનું માનવું છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે જે વાર્ષિક બજેટ જાહેર કરાય છે. તેમાં તેના ૨૬ જેટલા વિભાગોના બજેટનો પણ સમાવેશ થાય છે. એટલે કે આવા દરેક વિભાગની ચાલુ કે નવી વિવિધ યોજનાઓ માટે બજેટની રકમ ખર્ચાતી હોય છે પરતુ અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સરકાર દ્વારા જે બજેટ રજુ કરાયું છે તેમાંથી ૪૩.૬૩ ટકા જેટલી રકમ એટલે કે ૮૦,૧૩૧.૯૪ કરોડ રૂપિયા માત્ર કર્મચારીઓના પગારમાં જ વપરાવાના છે.

બજેટ ચર્ચા દરમ્યાન ખેડૂતોના દેવા માફીની કરાયેલી માંગણી સંદર્ભે નાણામંત્રી નીતિન પટેલે એવી પ્રતિક્રિયા આપી હતી કે, રાજ્યમાં ખેડૂતોને શૂન્ય વ્યાજના દરે ખેતી માટેની લોન ઉપલબ્ધ કરાય છે, એટલે ગુજરાત સરકાર દેવા માફ કરવાના બદલે તેમની આવકમાં વધારો થાય અને લીધેલી લોનની રકમ ભરપાઈ કરે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં મોટા ભાગના ખેડૂતો ૨૦૦૦૦ કરોડ કરતાં વધુ રકમની સહકારી બેંકોમાંથી લોન લે છે જે ભરપાઈ કરવાની જવાબદાર તેમની જ હોય છે. હાલમાં રાજ્યના કેટલા વિસ્તારોમાં નવી વિકાસની યોજનાઓ શરૂ થનાર છે અને તેના માટે કેટલા ટકા રકમ ફાળવવામાં આવી છે જે બાબતે રાજ્ય સરકારે જે વિકાસ કામો માટેનું આયોજન વિચાર્યું છે તેની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે જરૂરી છે. વિકાસ કામો માટે વધુ નાણાંની ફાળવણી થવી જોઈએ.

## અંતર્દષ્ટિ- તપનું મહાત્મ્ય

તપ આધ્યાત્મિક જીવનની આધારશિલા છે. તપસ્વીઓના જીવનની સાધારણ ઘટના પણ આમ આદમી માટે આશ્ચર્ય અને કુતૂહલનો વિષય બની જાય છે. 'તપ આધાર સબ સૃષ્ટિ ભવાની' લખીને સંત તુલસીએ તેને મહિમામંડિત કર્યું છે. તપસ્વી પોતાના જીવનની દશા સ્વયં નિર્ધારિત કરે છે, જ્યારે સામાન્ય વ્યક્તિઓનું જીવન સંપૂર્ણ રીતે પરિસ્થિતિઓને આધીન હોય છે. તપસ્વી તપની ઊર્જાથી પરિસ્થિતિની પ્રતિકૂળતાને પણ પોતાને અનુકૂળ બનાવી લે છે. વસ્તુતઃ તપ કરવું કે તપશ્ચર્યા એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેની કેટલીક મર્યાદઓ છે. સનેપાતમાં આવીને ગમે તે કરતા રહેવાનું નામ તપ નથી. મીઠું ન ખાવું, ઉઘાડા પગે ચાલવું, ભૂખ્યા રહેવું વગેરે ક્રિયાઓથી શારીરિક કષ્ટ તો અવશ્ય થાય છે, પરંતુ કોઈ આધ્યાત્મિક લાભ પ્રાપ્ત નથી થતો. સુનિશ્ચિત સંકલ્પની સાથે તપશ્ચર્યા પર અમલ ગુરુના નિર્દેશનમાં જ કરવી જોઈએ. તપથી આપણા સુપ્ત સંસ્કારોનું જાગરણ થાય છે અને આ જાગરણ આપણા આધ્યાત્મિક વિકાસને ગતિ પ્રદાન કરે છે.

તપનો ઉદ્દેશ્ય માત્ર ઊર્જાનું અર્જન જ નહીં, એ ઊર્જાનું સંરક્ષણ અને સુનિયોજન પણ છે. જે પોતાની ઊર્જાને સંરિક્ષત કરી લે છે તે સામર્થ્યવાન થઈ જાય છે. તપશ્ચર્યા કોઈ ચમત્કાર નહીં હોઈને ખુદનો પરિષ્કાર છે. જ્યાં પરિષ્કાર છે ત્યાં ચમત્કાર આપોઆપ થઈ જાય છે, કારણકે પરિષ્કારથી ચિત્ત ઊર્જાવાન થાય છે. અહંકાર તપના માર્ગમાં સૌથી મોટી અડચણ છે. પૌરાણિક કથાઓથી એ જાણ થાય છે કે તપસ્યા કરવામાં અસૂરો સૌથી આગળ રહ્યા છે. તપસ્યા દ્વારા તેઓ ભગવાન પાસેથી મનગમતું વરદાન પ્રાપ્ત કરે છે. આળસને ત્યાગીને વર્ષો સુધી કઠોર તપસ્યા કરવાનું સાહસ તેમનામાં હોય છે, પરંતુ પોતાના અહંકારને ત્યાગી નહીં શકવાને કારણે તેઓ તપ દ્વારા મળેલી ઊર્જાનો દુરુપયોગ કરે છે. આપણે તેનો સદુપયોગ ચિત્તશુદ્ધિ માટે કરવો જોઈએ. ચિત્ત જેટલું શુદ્ધ હશે એટલું જ મન સ્થિર રહેશે. મનના સ્થિર થવાથી સંસ્કાર શુદ્ધ થાય છે. તપસ્યા કર્યા વગર કોઈને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. ઈતિહાસ સાક્ષી છે કે જૈન ધર્મના તીર્થંકર સ્વામી અને બૌદ્ધ ધર્મના પ્રવર્તક ગૌતમ બુદ્ધને જ્ઞાનની પ્રાપ્તિ બાર વર્ષની કઠોર તપસ્યા બાદ જ થઈ હતી.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## જયા ભટ્ટાચાર્ય સુષ્મા બુઆ તરીકે બઢો બહુમાં પ્રવેશ કરવા માટે સુસજ્જ



&TV દર્શકો માટે ઉચ્ચ મનોરંજક મૂલ્યો સાથે રોચક વારતારેખા લાવી રહી છે. બઢો બહુ આવો જ એક શો છે, જે ટેલિવિઝન પર મુખ્ય પાત્રોમાં આદર્શ દેખાતી બહુઓવાળી જૂની ઘરેડની વારતાઓની તુલનામાં નવો ચીલો ચાતરે છે. અજોડ સંકલ્પના અને વધતી લોકપ્રિયતાને લીધે શોના નિર્માણકારોએ નવું પાત્ર રજૂ કરીને ડ્રામાને વધુ રોચક બનાવ્યો છે, જે પાત્ર પીઢ અભિનેત્રી જયા ભટ્ટાચાર્ય દ્વારા ભજવવામાં આવશે.

જયા અમુક વિખ્યાત ડેલી સોપ્સમાં રોમાંચક ભૂમિકાઓ માટે આપણી સ્મૃતિઓમાં છવાઈ ચૂકી છે ત્યારે હવે તે આ વારતારેખામાં મહત્ત્વપૂર્ણ કેમિયોમાં જોવા મળવાની છે, જે આગામી એપિસોડ્સમાં ભરપૂર ડ્રામા લઈને આવશે. તે સમાજસેવિકા સુષ્મા બુઓની ભૂમિકા ભજવશે, જે લાખા (પ્રિન્સ નરુલા)ને તિતલી (કનિકા મન) સાથે પરણાવવાનો પ્રયાસ કરે છે.

## આઈએસએચ ઈન્ટરનેશનલ રજુ કરે છે કૂલસેંનસ – પેઈન નમબિંગ એપલીકેટર



અમદાવાદ

જે લોકોને વારંવાર ઈન્સ્યુલિનના ઈન્જેકશનની જરૂર હોય, બાળકો જેઓ ઈનોક્યુલેશન્સની બેટરીમાં જાય છે અથવા ડ્રૉપ્સ પર હોય છે - અહીં એમના માટે એક નવીનતા છે જે સ્ટિંગ ઈન્જેક્શન્સ લે છે. તે એક સામાન્ય ભય છે, જે ટ્રીએનોફોબિયા તરીકે ઓળખાય છે. ભારતની વસ્તીના લગભગ ૧૦ ટકા લોકો તેના ડરથી પીડાય છે. ઈન્જેક્શન માટે ડોકટરો પાસે જવાના વિચારથી ડરાવવાની ઊંડી સમજણનો સમાવેશ થાય છે. ઘણા ડૉક્ટરની શસ્ત્રક્રિયાને એકસાથે ટાળે છે, પોતાની જાતને વિવિધ બીમારીઓ અને ચેપના જોખમ માટે ખુલ્લા રાખે છે. પરંતુ સોયની ડરાવનાર માટે, સંશોધકોની ટીમ પાસે જવાબ છે. તેઓ ઈન્જેક્શનની પીડાને સરળ બનાવવા માટે, એક નવું ઉપકરણ વિકસાવ્યું છે.

## લઘુકથા-અકસ્માત

રંજુની આબરૂ તોફાની બારકસ તરીકેની તો હતી જ એમાં એક એપ્રિલની ૨૦ મી તારીખે ઉમેરો થયો.

રંજુએ બંગલાની કમ્પાઉન્ડ વૉલ ઉપર ચડીને ગરમાળાના ઝાડની એક નમેલી ડાળને પકડી લીધી. જરાક સમતુલા ગુમાવતા એ ડાળી સાથે જ પથ્થરના જડતર પર પછડાયો. એ પછડાટ સાથે એનું માથું કમ્પાઉન્ડ વૉલ સાથે અથડાયું અને એનો અવાજ બંગલામાં આરામ કરતા સૂતેલી એની મમ્મી સુધી પહોંચ્યો. સફાળી ઉઠીને એ બહાર દોડી ગઈ.

થોડી ક્ષણોમાં જ રંજુને ફરતું આખું ઘર ભેગું થઈ ગયું, મેઘા, વિરલ, વિશાલ અને દાદા.. રંજુની આબરૂ ખરાબ હતી એટલે એને પૂછ્યા વગર જ સૌ એના ઉપર તૂટી જ પડ્યા :' ખરા બપોરે શું કરતો હતો અહી ?'

'આવા તપતા તાપમાં બંગલા બહાર નીકળ્યો જ કેમ ?'

'શું ખાવા ઝાડ ઉપર ચડ્યો હતો ?'

'પડ્યો એ વખતે ટાંટીયા ભાંગ્યાં હોત તો શું થાત ?'

'માથું તો ફૂટ્યું છે. દવાખાને મોકલવો પડશે.'

'હેડ ઈન્જરી થઈ હોત તો મુસીબતમા મુકાઈ જઈએ. ચેકએપ કરાવવું જ પડશે.'

અત્યાર સુધી બધા સામે ટગર ટગર જોઈને, માથે ધોવાતા માછલાંને ધીરજથી સહી રહેલો રંજુ દવાખાનાનુ નામ સાંભળતા ઢીલો થઈ ગયો. એનો સ્વસ્થ દેખાતો ચહેરો એકદમ રાવણ બની ગયો.

'ચાલ હવે ઘરમાં.' ગુસ્સે થઈને વિરલ બોલ્યો : 'વિરલ રંજુનો વહાલસોયો 'વિરલ અંકલ' હતો.'

કશોક તોટ કાઢતા હોય એમ દાદા બોલ્યા :'ચાલો હવે બધા અંદર, અહીં તડકામાં ઉભા ઉભા વળી માંદા પડી જશો.

આટલું કહી એમણે નીચે પડેલી ગરમાળાની ડાળીને કમ્પાઉન્ડ બહાર ફેંકી દીધી.

ડાળી ઉપર એક પાંદડું નહોતું, એની ઝીણી ઝીણી શાખાઓ અને એક એક ડાળી પીળાં ફૂલોથી ઉભરાયેલી હતી. દાદાએ જાળી ફેંકી એ વખતે રંજુ કશીક વેદનાથી એ જોઈ રહ્યો હતો.

રંજુ ખસતો નથી એમ જાણે એના પપ્પા વિશાલે એને બંગ્લાની દિશામાં એક હડદોલો આપીને ધકેલ્યો. દાદાએ રંજુ તરફ સહાનુભૂતિ દર્શાવતા કહ્યું :' દવાખાના બવાખાનાની બધી વાત ખોટી. રંજુ બેટા, તને કંઈ નથી થયું. હવે મારી રૂમમા જઈને સૂઈ જા. સાંજ સુધી બહાર નીકળવાનું નથી.

બધાં પોતપોતાની રૂમમાં પહોંચી ગયા. રંજુએ એની રૂમમાં પ્રવેશ કર્યો. બેડ પર પડેલી સામગ્રી ઉપર થોડીવાર એની કુમળી નજર ખોડાઈ રહી ત્રાંસુ કાપેલું શંકુ આકારનું કાર્ડ બોર્ડ પારદર્શક જિલેટીન પેપર, કાતર, ગુંદરની શીશી. કલર સ્ટીકો, સ્કેચપેનો, અંગ્રેજીમાં મોટા મોટા અક્ષરે લખેલો ડ્રૉઈંગ પેપર..

એણે પેલો ડ્રૉઈંગ પેપર હાથમાં લીધો. સવારથી વિવિધ રંગોમાં ઠીક ઠીક મહેનતને અંતે તૈયાર કરેલા એ કાગળ ઉપર લખ્યું હતું.

હેપી બર્થ ડે ટુ દાદા.. રંજુ

કાગળ એણે ઓશિંકા નીચે દબાવ્યો. પછી એણે કાર્ડ પેપર પણ. આ બેનો ઉપયોગ કરીને પેલા ગરમાળાના ફૂલોનું એક મજાનું બૂકે એ બનાવતો હતો. એપ્રિલની શરૂઆતથી ગરમાળા ઉપરના પાંદડાં ખરવા લાગ્યા હતાં. રંજુ એ વૃક્ષ ઉપર ફૂલ ફૂટવાની પ્રતિક્ષા કરી રહ્યો હતો. આજ દાદાની વર્ષગાંઠના દિવસે તો આખું વૃક્ષ પીળાં ફૂલથી લદાઈ ગયું હતું. એક ડાળી ખૂબ નીચે નમી હતી. કમ્પાઉન્ડ વોલ ઉપર ચડીને એણે એ ડાળી પકડી.

અને એક કાંડ રચાઈ ગયો.

બારી આગળ આવીને એ ગરમાળાના વૃક્ષને નીરખી રહ્યો. નર્યું ફૂલોનું ઝાડ દાદા કહેતા હતા આ ઝાડનું નામ તો સોનેરૂ ! નર્યા સોનાનો વરસાદ, દાદાને ફૂલો બહું ગમે છે એટલે તો..

આટલું વિચારતાં તો એ બાળકની મોટી મોટી આંખો આંસુથી ઉભરાવા લાગી.

- મોહનલાલ પટેલ

## એનટીપીસીએ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૨૬૮ બિલિયન યુનિટ વિદ્યુત ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું



ભારતની સૌથી મોટી વિદ્યુત ઉત્પાદન કંપની એનટીપીસીએ વિદ્યુત મંત્રાલય સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ(એમઓયૂ) સાઈન કર્યાં. એમઓયૂ અનુસાર વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૨૬૮ બિલિયન યુનિટ વિદ્યુત ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું છે.

૩ મે ૨૦૧૮ ના રોજ એનટીપીસી તથા ભારત સરકારના વિદ્યુત મંત્રાલય વચ્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયૂ) સાઈન કરવામાં આવ્યાં. એનટીપીસીના વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૨૬૮ બિલિયન યુનિટ વિદ્યુત ઉત્પાદનનું લક્ષ્ય નક્કી કર્યું છે. પ્રચાલનમાંથી મહેસૂલ રૂપિયા ૮૫,૫૦૦ કરોડનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. ૨૦૧૮-૧૯ માટે થયેલાં મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગમાં ફાઈનાન્સિયલ પર્ફોર્મન્સ, ઓપરે શનલ એફિસિયન્સીમાં સુધારો, કેપિટલ એક્સ પેન્ડિચર, પ્રોજેક્ટ મોનિટરિંગ, ટેકનોલોજી અપગ્રેડેશન અને એચઆર મેનેજમેન્ટનો પણ સમાવેશ થાય છે.

## રોનિત રોય ઝી ટીવીના જઝબાત્ત પર પોતાની છૂપી પ્રતિભાને ઉજાગર કરે છે



૫મી મેથી પ્રિમિયર થઈ રહેલો ઝી ટીવીનો આગામી ચેટ શો, 'જઝબાત્ત... સંગીન સે નમકીન તક'માં દર્શકો પ્રસિદ્ધ સેલિબ્રિટીની પ્રેરણાદાયી મુસાફરીની ઝળહળતી ઝલક આપશે. આ સિરિઝની શરૂઆત એક મનોરંજક રીતે થાય છે, જેમાં પ્રતિભાશાળી અભિનેતા ભાઈઓ રોનિત રોય અને રોહિત રોયએ તેમના ઊંડાણપૂર્વકના રહસ્યો જાહેર કર્યા અને હોસ્ટ રાજીવ ખંડેલવાલની સાથે વાતચીત કરીને તેમની અંદરની લાગણીઓને જાહેર કરી હતી. જ્યારે તેમની વચ્ચે ખુલ્લા દિલથી વાતચીત ચાલી રહી હતી અને આ અભિનેતા ભાઈઓ ઉદ્યોગમાં તેમની મહેનતના અનુભવ જણાવતા હતા અને અચાનક જ તેમના જાણિતા સહ-કલાકાર અને હોસ્ટ રાજીવ ખંડેલવાલે એક તક ઝડપી અને મહેમાનો એક ગીફ્ટ આપીને ચોકાવી દીધા. પ્રતિભાશાળી કલાકાર રોનિત રોયની અન્ય બાજુને દર્શાવતા રાજીવે આ કલાકારને વાયોલિન સાથે રજૂ કરી. ઘણા લોકો અજાણ છે કે, રોનિતે વાયોલિન વગાડતા શિખ્યું છે અ તે આ સાધન પાછળ અત્યંત પાગલ છે, કારણકે તેને સાંભળનારની ઘણી લાગણીઓ બહાર આવે છે.

## કર્ણાટકની ચૂંટણીમાં રાહુલ ગાંધીની અંતિમ અગ્નિ પરીક્ષા

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પ્રચાર પડઘમ તેની પરાકાષ્ટાએ છે. મતદાનને આડે હવે દસ દિવસ જ બાકી છે. આ ચૂંટણીમાં ભાજપનો લક્ષ સત્તા પોતે મેળવવાનો હોય તે સ્વાભાવિક છે. પણ વાસ્તવમાં તેનો લક્ષ સત્તા જાતે મેળવવા કરતાં પણ કોંગ્રેસને સત્તાથી ઉખેડી ફેંકવાનો વિશેષ છે. મળતી હોય તો સત્તા મેળવવા તેના તમામ પ્રયાસો છે જ. પણ જો કોઈ સંજોગોમાં ભાજપને નશીબની યારી ન મળે તો ભાજપ એ જોવા પ્રયત્નશીલ હોવાનું મનાય છે કે, કોંગ્રેસ કોઈ કાળે સત્તામાં ટકી ન જાય. કર્ણાટકમાં માત્ર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ ચૂંટણી ધમાસાણ નથી. ત્યાં ત્રીજો પક્ષ પણ અસ્તીત્વ ધરાવે છે. આ પક્ષ છે, પૂર્વ વડાપ્રધાન હાસનઅલી દેવેગોવડાનો જનતા દળ (સેકયુલર). બે વડાપ્રધાનો દેવેગોવડા અને આઈ કે. ગુજરાલ પદ પરથી છૂટા થયા પછી જનતા દળ બે ભાગમાં વહેંચાયો હતો. એક ભાગ નીતીશકુમાર અને શરદ યાદવના નેતૃવવાળો જનતા દળ (યુ) કહેવાયો અને બીજો ભાગ દેવેગોવડાની આગેવાનીમાં જનતા દળ (સેકયુલર) તરીકે ઓળ ખાયો. આ પક્ષ જનતા દળ (યુ)ની જેમ જ મુખ્યત્વે એક જ રાજ્યમાં અસ્તીત્વ ધરાવે છે. જદયુ બિહાર સુધી સિમિત છે અને જદસે કર્ણાટક પુરતો મર્યાદિત છે. જદયુ બિહારમાં સત્તા સુધી પહોંચીને સત્તા પર ચિપકી રહી શક્યો છે પણ જના દળ (સે)ને આવી તક ઓછી મળી છે અને ટુંકજીવી નીવડી છે. પરંતુ આ વખતે તેના નશીબ કદાચ જોર કરી રહ્યા છે. કોંગ્રેસને હટાવવા જનતા દળ (સે) અને ભાજપ બે મક્કમ છે અને એ હેતુથી એક બીજામાં ભળેલા હોવાનું મનાય છે. એવું કહેવાય છે કે બન્ને પક્ષના નેતાઓએ પોતપોતાના ઉમેદવાર એક બીજાને પૂછીને નક્કી કર્યા છે. જો કોઈ એક પક્ષને બહુમતી ન મળી તો ભાજપ અને જનતાદળ સંયુક્ત સરકાર રચવા પ્રયાસ કરશે. બેમાંથી જે પક્ષના વધુ ધારાસભ્યો ચૂંટાયા હશે તે પક્ષના નેતા સરકારનું નેતૃત્વ કરી શકે છે. અલબત, ભાજપ પૂર્ણ બહુમતી મેળવવાની મહત્તમ આશા રાખે છે છતાં જરૂર પડે પાણી પહેલાં પાળ બાંધી રાખી છે. એક વાત ભાજપના મનમાં નક્કી છે કે, કોંગ્રેસ સત્તામાં ફરી ન જ આવવી જોઈએ.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પક્ષના અધ્યક્ષ બન્યા તે પહેલાંથી ઉપાધ્યક્ષની હેસિયતથી જેટલી ચૂંટણીઓ આવી તેમાં કોંગ્રેસનું નેતૃત્વ કરતા આવ્યા છે પણ ક્યાંય તેમના ભાલ પર યશના કંકુ ચોખા ચોટ્યા નથી. ૨૦૧૩માં કર્ણાટકમાં જ કોંગ્રેસને જીત મળી હતી પણ તેનો યશ માધ્યમો અને દેશવાસીઓએ રાહુલને નહીં આપતાં પૂર્વ મુખ્યમંત્રી યેદ્દિયુરપ્પા (ભાજપ) ને આપ્યો હતો. એ સમયમાં યેદ્દિયુરપ્પાના મુખ્ય મંત્રી કાળમાં સરકાર પર ભ્રષ્ટાચારના આરોપો ઉઠ્યા હતા તેથી યેદ્દિયુરપ્પાને સત્તા છોડવી પડી હતી. એના દંજમાં તેમણે ભાજપ છોડીને પોતાનો અલગ પક્ષ સ્થાપ્યો હતો.

## નવીન ધાર્મિક ચેતના-નવા વિચાર આપનાર સંતશ્રી રાજારામજીનો જન્મ વિક્રમ સંવત ૧૯૩૯ના દિવસે થયો હતો



**જ્ઞાન સરિતા**
-મુકેશ આંજણા

રાજસ્થાન વીરો અને શક્તિ -ભક્તિની ભૂમિ છે.

રાજસ્થાનના જોધપુર શહેરથી લગભગ ૩૬ કિલોમિટર દૂર લૂણી તાલુકો આવેલ છે.લૂણીરેલ્વે સ્ટેશનથી પાંચ કિલોમિટર અંતરે શિકારપુરાગામસ્થાપિત છે.લૂણી તાલુકાના શિકારપુરા ગામમાં આંજણા ચૌધરી (પટેલ) જ્ઞાતિમાં નાડાજી વંશમાં એક ચમત્કારી બાળકનો જન્મ થયો હતો. નાડાજીને આઠ પુત્રભગવાને આપ્યા હતા, જેમાં મોટાજી, ગીરધરજી,દેવરાજજી,ગેંદાજી, કુસાલજી, જોધાજી, આસોજી અને તેજાજી સમાવેશ થાય છે.

કુસાલજીને પ્રભુએ ત્રણ પુત્રો આપ્યા હતા, જેમનું નામ ખેતાજી, લખોજી અને કસરોજી હતું. ખેતાજીને રાસીંગજી અને દોલાજી નામના બે પુત્રો પ્રાપ્ત થયા.રાસિંગજીને પણ ત્રણ પુત્ર પરમાત્માની પરમ કૃપાથી પ્રાપ્ત થયા, જેમનું નામ હરોજી, ધીરાજી અને ઝાલાજી હતું. ઝાલાજીને એક પુત્ર ભગવાને આપ્યો તેમનું નામ હરિંગજી હતું. હરિંગજીને પરમ તેજસ્વી બે પુત્રો ભગવાને આપ્યા, તેમનું નામ શ્રી રઘુનાથજી અને શ્રી રાજારામજી રાખવામાં આવેલ.

ભારત વર્ષમાં નવી ધાર્મિક ચેતનાનો સંચાર થાય, આધ્યાત્મિક જ્યોત પ્રગટાવવા માટે, માનવ સમુદાયને સત્યનો સંદેશ આપવા માટે અને જગતમાં નવીન વિચાર સ્ફૂરે તેહેતુથી શ્રી રાજારામજીનો જન્મ વિક્રમ સંવત ૧૯૩૯ના ચૈત્ર સુદનોમના દિવસે હાલના જોધપુર જિલ્લાના લૂણી તાલુકામાં આવેલ શિકારપુરા ગામમાં શ્રીમતી મોતીબાઈની કુખે થયો હતો.

જયારે શ્રી રાજારામજીનો જન્મ થયો ત્યારે તે સ્થાન દીવ્યમાન તેજથી પ્રકાશિત થયું હતું, ચારેબાજુ જાણે અલૌકિક પ્રકાશ ફેલાઈ ગયો હતો. આજુબાજુ ભક્તિનું વાતાવરણ બંધાયું હતું. નવજાત શિશુ શ્રી રાજારામજીના ચહેર પર ઓજસ્વી તેજ, બન્ને આંખોમાં ચમક અને હોંઠ પર દેવ અવતાર હોય તેવું વિશેષ પ્રકારનું સ્મિત દેખાઈ રહ્યું હતું, તે સાક્ષાત ભગવાનનો અંશ હોય તેવું સ્પષ્ટપણે લાગી રહ્યું હતું. શ્રી રાજારામજીને સગા સંબંધી- પાડોશમાં રહેતાં લોકો જોયા પછી જાણે ચહેર પરથી નજર દૂર ન કરવાની ઈચ્છા થતી હતી કારણ કે ચહેરા પર ઔલોકિક પ્રકાશ હોય તેવું વર્તાઈ રહ્યું હતું.

શ્રી રાજારામજીના માતા મોતીબાઈનું પિયર શિકારપુરા ચોતાલે (ગોળ)ના ઘાંધિયાગામમાં હતું જે શિકારપુરાથી દૂર સાત કિલોમિટર દક્ષિણમાં આવેલ છે.મોતીબાઈના પિતાનું નામ શ્રીરાવતરામજી હતું. શ્રી રાવતરામજી આંજણા કણબીની ભૂરિયા ગોત્ર, કણબીની ખાંપ અથવા નખ રાઠોડ હોવાથી તેઓની ગણના ક્ષત્રિય જાતિમાં થતી હતી. રાજારામજીના પિતા સી(સિંહ) ગોત્ર ધરાવતા હતા તેઓની ગણના ક્ષત્રિયોની પરમાર શાખ માનવામાં આવે છે.

ભગવાન શ્રી રાજારામજીના મોટાભાઈ રઘુનાથજીનો જન્મ વિક્રમ સંવત ૧૯૩૬માં થયો હતો.બડત્રે ભાઈનું નામ જીવણરામજી હતું પરંતુ શ્રી રાજારામજીના જન્મ પહેલા એટલે કે તેઓનું એક મહિના પહેલા અવસાન થયું હતું.શ્રી રાજારામજીના નાનાજીનું નામ ખુમારામજી અને નાનીનું નામ શ્રીમતી સીમાબાઈ હતું. રાજારામજીના મામાનું નામ શ્રીમાધારામજી અને કાકાનું નામ થાનારામજી તથા કાકીનું નામ શ્રીમતી પારુબાઈ હતું.

હાલમાં શિકારપુરા ગામ રાજેશ્વરધામથી વિશ્વ પ્રસિદ્ધ છે. શ્રી રાજારામજી દર્શનાર્થીએ દેશ- વિદેશના અનેક લોકો આવે છે. શ્રી રાજારામજી ધામ ધાર્મિક આસ્થાનું આધ્યાત્મિક કેન્દ્ર છે.

(ક્રમશ)

**- મુકેશ આંજણા**

## કથાસાગર-બ્રહ્મચારીનો ઋષિઓને જવાબ

શનક અને અભિપ્રતારી નામના બે ઋષિ વાયુ દેવતાના ઉપાસક હતાં. એક દિવસે બપોરે બન્નેએ ભોજન તૈયાર કર્યું. ભોજન તૈયાર થયું જ હતું કે કોઈએ દરવાજો ખખડાવ્યો. બહાર એક યુવાન બ્રહ્મચારી ભોજન માંગી રહ્યો હતો. અંદરથી જવાબ મળ્યો, હાલ ભોજન નથી. યુવક માટે ઈન્કાર કોઈ નવી વાત ન હતી પરંતુ એક ઋષિના આશ્રમમાંથી આ પ્રકારનો જવાબ મેળવી તેને આશ્ચર્ય થયું. તેણે ઋષિને પૂછ્યું, માન્યવર! શું હું જાણી શકું કે તમે કયા દેવતાના ઉપાસક છો? એક ઋષિએ કહ્યું, મારા ઈષ્ટ દેવ વાયુ છે જેને પ્રાણ પણ કહેવામાં આવે છે. બ્રહ્મચારીએ કહ્યું, ત્યારે તો તમે એ અવશ્ય જાણતા હશો કે આ સંસારે પ્રાણ જ ધારણ કરેલ છે અને અંતે તે આ પ્રાણમાં જ વિલીન થઈ જાય છે. આ પ્રાણ પ્રત્યક્ષ અને પરોક્ષ તમામમાં વ્યાપ્ત છે. ઋષિએ કહ્યું, એ તો સૌ કોઈ જાણે છે. અમને પણ ખબર છે. આમાં નવું શું છે? બીજો પ્રશ્ન હતો. શું હું જાણી શકું કે આ ભોજન તમે કોના માટે તૈયાર કર્યું છે? ઋષિએ સત્વરે જવાબ આપ્યો, અમારા ઈષ્ટ દેવ માટે.

જો પ્રાણ જ આ સંસારમાં વ્યાપ્ત છે તો તે મારામાં પણ એવી જ રીતે મોજૂદ છે કારણ કે હું પણ સૃષ્ટિનો એક ભાગ છું. એ જ પ્રાણ આ ભૂખ્યા શરીરમાં પણ નિવાસ કરે છે જે તમારી સમક્ષ થોડા ભોજનની ભિક્ષા માંગી રહ્યો છે. તો મહામના ઋષિઓ! મને ભોજન આપવાનો ઈન્કાર કરો છો જે માટે તમે તે રાંધ્યું છે? યુવકે મનના હચમચાવી નાખનાર વાત કહી દીધી. બ્રહ્ણચારીની આ વાત પર બન્ને ઋષિઓ શરમથી પાણી-પાણી થઈ ગયા અને તેમણે એ બ્રહ્મચારીને સમ્માનપૂર્વક અંદર બોલાવી, હાથ-મોં ધોવડાવી ભોજન કરાવ્યું. તેમણે અનુભવ્યું કે તેઓ માત્ર રૂપ એટલે કે પ્રત્યક્ષના ફેરમાં પડ્યા હતાં અને તત્વ કે પ્રકૃતિથી અજાણ હતાં જે ખરેખર સમજવા યોગ્ય છે.

# કિલ્લોલ કુંજ

બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...

ગમ્મત સાથે જ્ઞાન પીરસે...

અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

દર્દી : ડૉકટર સાહેબ જ્યારે હું ચા પીઉં છું તો મારી આંખમાં બહુ જ દુ:ખાવો થાય છે..

ડૉકટર : કાલથી ચા પીથી વખતે કપમાંથી ચમચી કાઢી લીધા કરજો..

સંતા : અરે ડોકટર સાહેબ, મારા ઉપરના દાંતને જંતુ ખાઈ રહ્યા હતા. તમે તો નીચેનો દાંત કાઢી નાંખ્યો ! આ શું કર્યુ ? ડોકટર ગરબડદાસ : હા, પણ વાત એમ છે કે એ જંતુઓને ઉંચે પહોંચાતુ નહોતું એટલે નીચેના દાંત પર ઉભા રહીને ઉપરનો દાંત ખાતા હતા એટલે મે નીચેનો દાંત જ કાઢી નાંખ્યો !

સતીષ : કાલે દસ જણાએ ભેગા મળીને મને એકલાને માર્યો,

મનીષ : પછી તે શું કર્યું ?

સતીષ : મે કહ્યું એક એક કરીને આવો

મનીષ : પછી ?

સતીષ : પછી શું બધાએ એક એકકરીને ફરી મને માર્યો.

૦૦૦૦૦૦૦૦૦૦

મખ્ખનલાલ ચાની દુકાને પહોંચ્યો અને ઈરમાઈશ કરી, અરે ભાઈ એવી ચા પીવડાવ, જેનાથી તન-મન ઝુમી ઉઠે, બદન ડોલવા લાગે.

ચાવાળાએ મખ્ખનલાલ સામે તાકીને જોયું અને પછી કહ્યું, 'ભાઈ સાહેબ ! અમારે ત્યાં ભેંસનું દુધ આવે છે, નાગણનું નહીં..

૦૦૦૦૦

## મધુવન

'એવરી ટોક લિકસ ધ લાઈફ' ઘડીયાળની દરેક ટીક ટીક જીંદગીને ચાટી જાય છે. ગયા સપ્તાહે સમયની વાત કરી આજે એની વાતને થોડી આગળ વધારવાનું મન થયું. પછી થયું કે સમય ઉપર તો ઘણા શે'ર વાતો, સાહીત્ય મળી જાય. આજે થોડું નવું કામ કરીએ અને એના પરિણામ સ્વરૂપ આજના મધુવનમાં જેમને પોતાના પ્રિયપાત્ર તરફથી ઘડીયાળ ભેટ મળ્યું છે. અથવા જે આપવાનું વિચારીરહ્યા છે એમના માટે આજે મધુવનમાં માણો માત્ર 'ઘડિયાળ' વિષયક શે'ર.

**'તારૂં ઘડિયાળ મને યાદ આપે છે**
**આપણને પ્રેમ માટે ફુરસદ નથી'**

લુઈ હુડસન પોતાની વાતને આ શે'ર દ્વારા વ્યકત કરે છે. સમય અને જીંદગીરૂપી કારાવાસમાં કેદ માણસને હવે પ્રેમ માટે ફુરસદ નથી પણ જ્યારે જ્યારે સમય જુએ છે ત્યારે સનમની અચુક યાદ આવીજાય છે.

**'મન તો સપડાયું સમયની જાળમાં**
**કેટલા વાગ્યા હશે ઘડિયાળમાં"**

સમયની જાળમાં સપડાયેલા મનની વાત શેખાદમ આબુવાલાના આ શે'ર માં વ્યકત થઈ છે.

**'ઘડિયાળ છે જીવંત, સમય તાલબદ્ધ છે;**
**ભીંતોનો દોષ છે જે ટકોરા ન સાંભળે.'**

ભગવતીકુમાર શર્મા 'ભગીરથ' ના આ શબ્દોમાં ભીંત જેવા નિર્જીવ વ્યક્તિ પર કટાક્ષ કરાયો છે. સમય સતત ચાલતો રહે છે, તાલબદ્ધ છે પણ વ્યક્તિ એની સાથે ચાલતો નથી. એની અવાજ સાંભળતો નથી એ એનો દોષ છે. મનોજ ખંડેરીયાએ ઘડિયાળ શબ્દનો ઉપયોગ કરીને નીચેના શે”ર લખ્યા છે.

**'આંકડા વાગોળ થઈ ઉડી જતા**
**રાત જ્યારે ઘર કરે ઘડિયાળમાં'**
**ટેકવી કાંટા પર મસ્તક સમય,**
**રાતભર જાગ્યા કરે ઘડિયાળમાં**
**બસ રાતને દિવસ અહીં દોડયા કરે સમય**
**ઘડિયાળના કાંટા પર હાંફયા કરે સમય'**

કેવી અજબ વાત છે. આપણે જ્યારે કોઈને સમય પુછીએ ત્યારે કહીએ છીએ કેટલા વાગ્યા ? અને ઘડિયાળમાં પણ ફુલો નહીં કાંટા હોય છે.

**'હાથ લંબાવ્યો હતો ઘડિયાળ સામે મેં રમેશ**
**પણ સમયને કોઈ સાથે દોસ્તી હોતી નથી'**

રમેશ પારેખના આ શે'ર માં અવિરત ફરતા સમય ચક્રની વાત છે. સમયને કોઈ સાથે દોસ્તી કે દુશ્મની હોતી જ નથી. તમે જે સમય સાથે વર્તન કરો છો એના પ્રત્યુત્તર સ્વરૂપે સમય તમારી સાથે વર્તન કરે છે.

**'જુઓ છો શું તમે સમય ઘડીયાળમાં**
**એને પરવડતું નથી બસ અટકયા કરવાનું'**

જગન્નાથ એસ.સુથારના આ શે' રમાં પણ અટકયા વગર અવિરત ગતી કરતા સમય પ્રવાહની વાત છે.

**'એક ઘડી ખરીદકર હાથ મેં કયા બોધ લી**
**વકત, પીછે હી પડ ગયા મેરે !'**

બાળપણમાં જ્યારે નાના હતા ત્યારે ઘડિયાળ નહોતી પણ સમય જ સમય હતો. પ્રિયજનો માટે પોતાના માટે પરિવાર માટે પુરતો આજે ઘડિયાળ છે પણ સમય નથી કોઈના માટે ! છેલ્લે વોટસઅપ પર આવેલો વધુ એક શે'ર

**'આપણી ઘડી કીતની હી મહંગી કયુન હો,**
**વકત તો ઉપરવાલે કે હિસાબ સે ચલતા હૈ !'**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

અકબર બીરબલ વાર્તા

## ધોબીનો ગધેડો

એક દિવસ અકબર તેના બે દિકરાઓ અને બિરબલ નદીએ ગયા. ત્યાં અકબર અને તેના બંને દિકરાઓએ કપડાં ઉતારી બિરબલને સાચવવા આપ્યા અને તેઓ નદીમાં સ્નાન કરવા ચાલ્યા ગયા. બિરબલ તેઓ નદીમાંથી બહાર આવે તેની રાહ જોઈને ઉભો હતો.

અકબર અને તેના દીકરાઓના કપડા બિરબલના ખભા પર હતા. જ્યારે તેઓ સ્નાન કરીને બહાર નીકળ્યા ત્યારે તેમણે બિરબલને ખભા પર કપડા લઈને ઉભેલો જોયો. આથી અકબરને મજાક કરી ખિજવવાનું મન થયું.તે બોલ્યો ; ''બિરબલ તું જાણે ધોબીના ગધેડાની જેમ ભાર ઉચકીને ઉભો હોય તેવું લાગે છે.''

હાજર જવાબી બિરબલ તરત જ બોલ્યો; “જહાંપનાહ,ધોબીનો ગધેડો તો એક જ ગધેડાનો ભાર ઉચકેપમેં તો ત્રણ ગધેડાનો ભાર ઉચક્યો છે.''અકબર તેનો જવાબ સાંભળીને ચૂપ જ થઈ ગયોપ..!!

## વિશ્વાસ ઉઠી જશે

કયાં સુધી પથ્થર બની રહેવું લોકોનો વિશ્વાસ ઉઠી જશે
બદલાઈ ગઈ છે દુનિયા, બધી કદાચ લોકોનો શ્વાસ ખુટી જશે
ઝખ્મો દેનારા તો દેતાં રહેશે તેમને દર્દની ખબર કયાં છે ?
દર્દ દેનારાને શું ખબર દર્દ કયારે મરહુમ થઈ જશે
રાખી કટારી દીલ પર જુઓ દુનિયા કેવો અહંમ કરે છે
નથી ખબર તેમને બેવફા બનનારા બેવફા થઈ જશે
જોઈ લકીરો હાથની અફસોસ કરવાનો કોઈ અર્થ નથી
નસીબમાં હશે તે પણ ઝુંટવાઈ જશે વિધાતા ફરી જશે
સંબંધો તો સચવાય છે માત્ર કફનથી કબર સુધીના
બાકી તો હસનારા હસતા રહે ભુલનારા ભુલી પણ જશે
સમય વીતતો જાય છે ખબર નથી કે કયારે શું થવાનું છે ?
નિષ્ઠુરો કંઈ જોતા નથી તેમનો સમય વિશ્વાસઘાતી છે
આમ કરૂં તેમ કરૂં સ્વાર્થ ભરેલું જીવન નુકશાનીમાં લઈ જાય છે
વીરા કયાં સુધી પથ્થર બની રહીશ લોકોનો વિશ્વાસ ઉઠી જશે

**વીરાભાઈ સી.ચાવડા (કાણોદર)**

## કોઈનું બુરૂં ના કરો

વનમાં એક સ્થળે કબુતરની મોટી વસાહત હતી . નહીં નહીં તોય એમાં ખાસ્સાં હશે. એ બધાંનો રાજા તમાંગ હતો. રાજા તમાંગ રાજા હોવાના નાતે અતી તુંડમીજાજી હતો. પોતાની જમાતના અન્ય બીજાં કબુતરને ગણતો નહીં. જો કોઈ અન્ય કબુતર ભુલેચુકે પાસે બેઠું હોય તો રાજા જેવો રાજા આ તમાંગ પોતે ઘુમરી ફરી ફરી ગળું ફુલાવી ફુલાવીને ગુટર ઘુ.. ગુટર ઘુ.. બોલી બોલી બીજા કબુતરને ત્યાંથી ભગાવે જ છુટકો. આ રીતે બીજાને પોતાની એક જાતનું અપમાન લાગતું પણ કશું થતું નહી. એક દિવસની વાત અન્ય કબુતરને થયું આ તો આપણી સામાજીક પ્રતિષ્ઠા ધુળમાં મળી જાય છે એ રાજાજી છે એ વાતની ના નહી પણ અન્યનું પણ માન, સમ્ન તો જાળવવું જોઈએ. પોતે ગળું ફુલાવી ઘુમરી લઈ અન્યને ઉડાડી મારવાની રમત રમે એ કેમ ચાલે ? આવું તો આપણને પણ આવડે છે. જોકે એવું આપણે કરતા નથી.

આ વસાહતમાં જોભા નામનું એક અન્ય કબુતર હતું. એણે વિચાર્યું કે હું આ આપણા રાજા તમાંગને પાઠ ભણાવીને અન્યને એમાંથી છુટકારો અપાવીશ. જોકે આ બાબત જોભા એક જગ્યાએ બોલી ગયો અને એ વાત છેક રાજા તમાંગ પાસે પહોંચી ગઈ. એનો મિજાજ સાતમા આસમાને પહોંચી ગયો બોલી ઉઠયો આ ટકાના જોભલુ મારી સામે પડશે ? આ એક રાજાની સામે પડશે ? એ મુર્ખને ખબર નહીં હોય કે..

તમાંગે વિચાર્યુ.. બે દિવસ બાદ જંગલમાં અવાવરૂ કોઈ મકાનના છાપરે જોભા બેઠા હતો અને ત્યાં રાજા તમાંગ આવ્યો.. ઘુમરી લઈને એણે પુછયું, અલ્યા જોભલા આજ કાલ તારી ચરબી વધી ગઈ છે. તારી જીભડી જાણે કે અતિશય લાંબી બની ગઈ છે. મારે તારી કશીક વ્યવસ્થા કરવી પડશે.. આ તરફ તમાંગે એમ કહ્યું તો જોભાએ મનોમન કહ્યું, હવે જોજે કોણ કોની વ્યવસ્થા કરે છે એ તો સમય જ બતાવશે.

એ દિવસ પછી તમાંગે બીજા બે ચાર કબુતરને કહેલું કે, આ જોભલાને સમજાવી દેજો નહીં તો મારે એની આપણા વનમાંથી હકાલપટ્ટી કરવી પડશે..

એને ચરબી ચડી ગઈ છે.. ઉતારવી પડશે..પણ આ અંગે કોઈએ નિવેદન આપવાનું યોગ્ય માન્યું ન હતું..

આ તરફ જોભાએ ઘેર જઈને ખાધું ના ખાધું કરીને પથારીમાં પડયો.. પણ ઉંઘ ના આવી.. રાજા તમાંગે બરાબરનું અપમાન કર્યુ હતું જે કાળઝાળ લાગી ગયું હતું કયાંથી ઉંઘ આવે ? એ તો આમતેમ પડખાં ઘસતો રહ્યો.. વિચારતો રહ્યો કે આ રાજાનો અંત કેવી રીતે લાવવો ? કેમ કરીને એનો ખાતમો કરી દેવો જેથી ન રહે વાંસ.. ના રહે વાંસળી... વાંસળી હોય તો મીઠાં સુર નીકળે ને ?

એણે પોતાના દુશ્મનોને યાદ કરી દીધા. પોતે એટલે કબુતર અને કબુતરના દુશ્મન.. કુતરા.. ? ના.. કુતરા દુશ્મન ખરા પણ સફળ ન રહે ! વાંદરા ના.. વાંદરા તો એક રીતે દુશ્મન નથી.. હા એની હુપ હુપ અને અટકચાળાથી નીક લાગે પણ દુશ્મન તો નહીં.. હા બિલાડા ખરા.. બિલાડા જેવો ભયજનક કોઈ દુશ્મન નહીં એ એક જ કુદકો મારીને ચુપકીથી પકડે કે કામ તમામ..

જોભાએ બિલાડા પાસે જઈને તમાંગનું કામ તમામ કરવાનું વિચાર્યું બિલાડો આવે અને એક કુદકો સીધો કે છુપાઈને મારે એટલે એનો અંત.. એની ચરબી ગઈ સમજવી.. આમ તો તમાંગના કેટલાક ખોટા અવગણો હતા તો કેટલાક સદ્‌ગુણો પણ હતા. એણે રાજા પાસે જઈને ચણ પુરો પાડવાની વ્યવસ્થા કરી હતી. થોડાક દિવસ સારૂં ચાલ્યું પણ દાણા પડી રહેતા. કયાંક કબુતર ચણતા હોય તો જંગલમાં રખડી રહેલા કુતરા હુમલો કરતા.. પણ તમાંગ સાવધાન બનાવી હતી.

આખરે..બીજા દિવસે જોભાએ જઈને બિલાડ બંધુને દુરથી વાત કરી. બંધુ તમે આવો અને અમારા એ તમાંગને તમરૂં બનાવી દો.. પુરો કરી તમે રાજા બની જાય અમારૂં રક્ષણ કરો બચાવી લો.. આ અમારી રાજા થવાને લાયક જ નથી.. એણે તો આખરી આખીય સામાજીક વ્યવસ્થા પર એવું કર્યુ છે કે વાત ન પુછો..

ત્યાં તો જોભો સાવધાન ન હતો અને બિલાડ બંધુએ ફટાક કરતોક જોભા પર હુમલો કરી દીધો. બિલાડબંધુની ઝપટે આવી ગયો.. કોળીયો બની ગયો.. બિચારો જોભો બીજાને રાજાને મારવા ગયો.. પણ પોતે જ પતી ગયો.. કોઈનું બુરૂં કરી નાખવા જતાં ખુદનું બુરું થાય છે.

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**(અમદાવાદ)**

## અમરધામના તીર્થના લાભાર્થે

**રણછોડ પગી**

રણછોડ રણનોભોમીયો
વતન પ્રેમ અપાર
રેતીમાં પગલાં પારખે
ઓળખી લે તત્કાળ
બળદ ને ઉંટીયા રાખતા
ગાયોનો નહીં પાર
પારકા પારખાં માંગતા
પુરો ના આપે સાર
લીબળા લશ્કર આવતું
પગીને પહેલું પુછાય
અર્ધી રાતે આવતા
જીવના જોખમે જાય
ઈકોતેરમાં યુદ્ધ મંડાણું
રબારી આગળ થાય
અજાણ્યો થઈ આવતો
નગરમાં ફરવા જાય
અમેરીકન અધિકારી આવતો
પારખાં લેવા કાજ
પગી પગલાં પારખે
અધિકારી ખુબ અકળાય
પકડવા આવે પારકો
ઉંઘમાં ઉભો થાય
સરહદની હતી સાચલી
રગ રગમાં રેલાય
ખમ્મા રાજકારણની રીતને
ખરે ટાણે ના જાય
રાજારામ કહે આ દીવડો
રણમાં ભલે પુજાય

**સંકલન : ભગત રાજારામ લવજી**
(સત પરીવાર સતસંગ મંડળ, અબાસણા)

## પાણીનું મૂલ્ય

વિજયનગરમાં એક પગથી અપંગ એક વ્યક્તિ રહેતો હતો. એની રોજી રોટીનું કોઈ જ ઠેકાણું નહોતું એણે કેટલીયે વાર કૃષ્ણદેવ રાય મહારાજના દરબારમાં સહાયતા માટે આજીજી કરી હતી પણ રાજપુરોહિતે કયારેય એની વાતને રાજાજી પાસે પહોંચાડી નહોતી. તે શા કારણે આવું કરે છે એની કોઈ જ જાણ નહોતી.

એક દિવસ કોઈએ એને તેનાલીરામ પાસે જવાની સલાહ આપી ત્યારે તે સાહસ કરીનખે એક દિવસ તેનાલીરામ પાસે ગયો અને પોતાની વ્યથા કહી સંભળાવી.

તેનાલીરામે આખી વાત પુરી ગંભીરતાથી સાંભળી થોડી વાર પછી વિચારીને એના કાનમાં એક વાત કહી અને તેને વિદાય કર્યો.

એ દિવસે મહારાજા નર્મદા નદીના બીજા કીનારા પર આવેલ મહર્ષિના આશ્રમમાં જવાના હતા. ગુપ્તચરો એ સુચના આપી હતી કે ત્યાં કોઈ મહાન સિદ્ધ સંત પધારવાના હતા. આ યાત્રા પર મહારાજની સાથે તેનાલીરામ પણ જવાના હતા.

તેનાલીરામ રાજમહેલ જવાની તૈયારી કરતા હતા ત્યાં જ પેલો અપંગ બ્રાહ્મણ આવી પહોંચ્યો એને વિદાય કરીને તેનાલીરામ ઘરથી નીકળતો હતો. ત્યારે એને યાદ આવ્યું કે યાત્રાને માટે પાણીની વ્યવસ્થા કરવાની છે. કારણ કે એ દિવસોમાં ભયંકર ગરમી પડતી હતી. આથી પાણીની વ્યવસ્થા કરવાને માટે તેનાલીરામ રાજમહેલ જઈ પહોંચ્યા.

એમના પહોંચતાં જ કાફલો ચાલવા માંડયો.

આશ્રમનું અંતર દસ કોસ દુર હતું. પાંચ છ કોસનું અંતર કાપ્યા બાદ મહારાજાએ પડાવ નાખવાની આજ્ઞા કરી .બધાએ હાથ મોં ધોઈને જમવાની વ્યવસ્થા કરી હજી ભોજનની શરૂઆત થઈ હતી ત્યાં જ પાણી ભરેલો ઘડો ગબડી પડયો અને બધું જ પાણી જમીન પર ઢોળાઈ ગયું.

હવે ? બધા પરેશાન થઈ ગયા. બધાના હાથ મોં ભોજન દ્વારા બગડેલા હતા.

મહારાજાએ હુકમ કર્યો કે, 'જલદીથી પાણીની વ્યવસ્થા કરવામાં આવે.'

બધા દરબારીઓ અને સૈનિકો પાણીની શોધમાં આમતેમ દોડવા માંડયા પરંતુ દુર સુધી કયાંય પાણીનું નામોનિશાન જોવા ન મળ્યું.

ત્યાં જ એક દરબારી આવીને બોલ્યો, મહારાજ દક્ષિણ દિશામાં એક ઝુંપડીમાં ઠંડા પાણીનાં છ ઘડા ભરેલા રાખવામાં આવ્યા છે પરંતુ ઝુંપડી સાવ ખાલી છે.

તો શું થયુ ̇? તરસ્યા મંત્રીએ કહ્યું, સમ્રાટને પાણીની કોણ મનાઈ કરી શકે ? વધુ હશે તો આપણે પાણીનું મૂલ્ય ચુકવી દઈશું.

મંત્રીની વાત સાથે બધા સહમત થયા. તેઓ બધા ઝૂંપડી પર ગયા અને હાથ મોં ધોઈને જેવા પાણી પીવા ગયા ત્યાં જ ઝુંપડીનો માલિક આવી ગયો. તે એ જ અપંગ બ્રાહ્મણ હતો જેની સહાયતા યાચના પર રાજપુરોહિતે કોઈ જ ધ્યાન આપતો નહોતો.

ત્યાં આવીને તે હાથ જોડીને રાજ દરબારીઓને પાણી પીતો જોઈ રહ્યો હતો.

બધાં પાણી પી લીધા બાદ મંત્રીએ આ બ્રાહ્મણને કહ્યું, અમને તરસ લાગી હતી આજુબાજુ કયાંય પાણી ન મળ્યું તો અમે તમારૂં પાણી પી લીધું એની જે કિંમત હશે તે તમને મળી જશે. બોલો શી કિંમત છે પાણીની ?

ગરીબ બ્રાહ્મણના બોલતાં પહેલાં જ રાજપુરોહિત બોલી ઉઠયો, એને શું પુછો છો આપી દો, એક બે ટકા ?

ગરીબ બ્રાહ્મણ હાથ જોડીને વિનમ્રતાપુર્વક બોલ્યો,નહીં મહારાજ ! મારે પાણીની કોઈ કિંમત નથી જોઈતી અને હા તમે પાણીને પ્રસાદ સમજીને આ ગરીબ બ્રાહ્મણને કોઈ દક્ષિણા આપવા માંગતા હોવ તો જે આપશો તે લઈ લઈશ.'

મહારાજે હસતા હસતા તેનાલીરામ સામે જોયું અને તે સમયે તેનાલીરામ બોલ્યા, આ ગરીબ બ્રાહ્મણ ઠીક કહી રહ્યો છે

મહારાજ ! આ સંકટની ઘડીમાં પાણીનું મળવું એ ભગવાનના પ્રસાદ સમાન જ કહેવાય ને ? આથી પ્રસાદની દક્ષિણા પણ રાજકુળના અનુરૂપ જ હોવી જોઈએ ને !

મહારાજાએ તરત જ પોતાના ગળામાંથી મણીમાળા ઉતરીને ગરીબ બ્રાહ્મણને આપી દીધી.

પુરોહીત મનોમન આગમાં બળતો રહ્યો. મંદ મુશ્કુરાહટ સાથે તેનાલીરામ રાજપુરોહીતના ચહેરાને જોઈ રહ્યો હતો..

**કમલેશ કંસારા**

## સિંહ સમા શૂરવીર છેલવાઈ

ઘણા સમય પહેલાંની આ વાત છે. હાલારના પ્રદેશમાં રંગમતી અને નાગમતી નામે બે નાની પણ નમણી નદીઓ આવેલી હતી. તેના કિનારે વસેલું એક શહેર. તેનું નામ નવાનગર.

નવાનગરમાં જામ રણજીતસિંહ નામે રાજા રાજ્ય કરે. જામના નામ પરથી આ નવા નગરનું નામ જામનગર પડ્યું. જામ રણજીતસિંહના રાજમાં પ્રજા ખુબ સુખી. રાજા પણ પ્રજાના દુ:ખે દુ:ખીને પ્રજાના સુખે સુખી.

જામ રણજીતસિંહના દરબારમાં જ્ઞાની પુરૂષો, સંતો અને કવિઓ આવે જ્ઞાન વિનોદની વાતો થાય અને દરબાર વિખરાય. પણ દરબારમાં હાજરી આપનાર માટે દરબારની રંગતની પળો યાદગાર બની જાય. દિવસો સુધી રંગતનો એ મિજાજ જળવાઈ રહે.

એક દિવસની વાત છે. આવો જ એક દરબાર ભરાયો હતો. હકડેઠઠ માનવ મેદની જામિ હતી. દરબારીઓ ખુશ મિજાજમાં હતા. ત્યાં દરવાને આવીને કહ્યું.

'બાપુ સણથળી ગામના એક વૃદ્ધ આપને માંગે છે'

'આવવા દો' જામ સાહેબે કહ્યું.

'ઘણી ખમ્મા બાપુ, આપનું રાજ અમરતપો' સભામાં પ્રવેશતાં વૃધ્ધે કહ્યું.

'કેમ આવવું થયું ?

'નામદાર અરજ ગુજારવા આવ્યો છું. અમારા ગામ સાણથળી અને આજુબાજુના પંથકમાં ડફેરો અને બહાર વટીયાઓએ કાળો કેર વર્તાવ્યો છે.' વૃધ્ધે કહ્યું.

આ સાંભળી હાલારના રાજવી જામ રણજીતસિંહના દરબારમાં સોંપો પડી ગયો. જામ સાહેબ સિંહાસન પર ટટ્ટાર થઈને દરબારીઓના ચહેરા પર ચિતરાયેલા ભાવોને નિરખવા લાગ્યા. પછી બોલ્યા.

'વડીલ વાત આગળ ચલાવો'

'બાપુ પ્રજાજનો ત્રાહીમામ પોકારી ગયા છે. આક્રંદ અને વલોપાતથી સૌના ચહેરા ખરડાઈ ગયા છે. ડફેરોના ત્રાસથી પ્રજા ભાંગી પડી છે. સવાર થતાં જ પ્રજામાંથી પોકાર પડે છે. અમે લૂંટાઈ ગયા, બરબાદ થઈ ગયા..' વૃદ્ધ બોલ્યા.

'હા ઠીક છે.. તમે બેસો' જામ સાહેબ કહ્યું.

પછી જામ રણજીતસિંહે ભર્યા દરબારમાં એક કરડી નજર દોડાવી. રાજકાજનાં રખવાળાં જેના હાથમાં છે. એવા અમલદારો તેમની આંખનું તેજ જોઈ એ ફફડવા લાગ્યા.ત્યારે તેમને જ સબોધીને જામસાહેબ કહ્યું.

'શું આપણા રાજમાં શૂરવીરો ખૂટી ગયા છે કે શૂરાતન નાશ પામ્યું છે. આમ ડફેરો અને બહારવાટીયાઓ રૈયતને રંજાડે એ કેમ ચાલે ?'

દરબારીઓની નજર શરમના માર્યા ઝુકી ગઈ. મહારાજના એક એક શબ્દો ધારદાર કટારીની જેમ સૌના હૃદયમાં ભોંકાતા હતા. જામ સાહેબનો અવાજ બુલંદ અને જલદ બનતો જતો હતો. તેમાં એક જુસ્સો હતો અને સાથે સાથે પ્રજા તરફની હમદર્દી પણ ડોકાતી હતી. તેમણે કહ્યું.

ભાઈઓ બહારવટીયાની બંદુકની ગોળીઓથી કોઈ સુહાગણનો ચુડલો નંદવાય, કોઈ માતાનો લાલ લાંબી સોડ તાણે કે કોઈ બહેનનો વીર કાળનો કોળીયો બની જાય. આંસુ અને આક્રંદનું આ જીવન રૈયતને આપીને હું સુખેથી કેમ સૂઈ શકું., 'મને જોઈએ કોઈ શૂરવીર બચ્ચો, એક નરબંકો જે ડફેરો અને બહારવટીયાઓને પુગી વળે' જામ સાહેબ બોલ્યે જતા હતા. તેમનો અવાજ ઉગ્ર બનતો જતો હતો.

સમય વિતવા લાગ્યો. દરબારીઓમાં ગણગાટ થતો હતો. એક એક પળ વસમી હતી. ત્યાં જામ સાહેબે તાળી પાડી.

'જી હજુર' સેવકે હાજર થતાં કહ્યું.

'તાસકમા પાનનું બીડું લાવો.'

'જી..' સેવક ગયો. દરબારીઓમાં ગુપસુપ ચર્ચા થવા લાગી. થોડી જ વારમાં તારકમાં પાનનું બીડું લઈ સેવક હાજર થયો. પાનનું બીડું ભર્યા દરબારમાં સૌ કોઈને મર્દાનગીની દુહાઈ દઈ રહ્યું છે તેની યાદ આપતા જામ સાહેબે કહ્યું.

'રાજને માટે ખપી જવાની તૈયારી હોય તેવા જવા મર્દ ની મારે જરૂર છે. રૈયત માટે મરી ફીટવા તૈયાર મરજીવા માટેનો આ અવસર છે.. કોઈ તૈયાર ? હોય તો બહાર આવે અને આ બીડું ઝડપી લે..'

ભર્યા દરબારમાં ફરી એકવાર સોપો પડી ગયો. એક સન્નાટો છવાઈ ગયો. મોતને મુઠ્ઠીમાં લઈને કુદી પડનાર યુવાન માટેની આ પ્રબળ અપેક્ષા હતી.

'શું કોઈ શૂરવીર બચ્ચો મારા રાજમાં નથી.'

જામ સાહેબે રાતાપીળા થતાં કહ્યું.

'છે બાપુ...' કહેતા સડાક કરતાં એક યુવાન ઉભો થયો. તેના આ અવાજે દરબારીઓને ચોંકાવી મુક્યા. જામસાહેબ બાપુની ગરદન ગર્વથી ટટ્ટાર બની.. તેમને થયું કે ના હજી મારી પ્રજાનું ખમીર જીવંત છે.

તેમના ચહેરા પર અહોભાવની આભા પથરાઈ. અને જ્યાંથી એ અવાજ આવ્યો હતો તે તરફ નજર નોંધી.

સૌની નજર તેના સુડોળ ચુસ્ત કસાયેલા બદન તરફ નોંધાઈ હતી. લાખ લાખ સૂર્યનાં તેજને પણ ઝાંખા પાડે તેવી તેની યુવાનીની આભા અને દિવ્યપ્રતિભા ધરાવતો એ વીર યુવક જોમ સાહેબ સામે આવી ઉભો રહ્યો. જામ સાહેબ તેને નખશીશ નીરખી રહ્યા. તેના કપાળ પર બ્રાહ્મણત્વનું તેજ હતું અને ચહેરા પર ક્ષત્રિય સમું શૂરાતન નીતરતું હતું.

નજર પડતાં જ જામસાહેબ યુવાનને ઓળખી ગયા.

'કોણ છેલભાઈ..'

'જી...બાપુ...' તેમમના અવાજમાં આત્મવિશ્વાસનો રણકાર હતો આંખોમાં મક્કમતા અને દ્રઢ સંકલ્પ છલકતો હતો. તેનું મદમસ્ત યૌવન કંઈક કરી બતાવવા જાણે થનગનતા રહ્યું હતું. મોહક સ્મિત સાથે તેણે આગળ વધીને બીડું ઉઠાવ્યું. અને મોં ગલોફામાં જમાવી દીધું. પછી દરબારીઓનું સિંહાલોકન કરી બાપુ તરફ જોઈ કહ્યું.'

'બાપુ આજથી બહારવટીયા અને ડફેરો સામે છેલશંકર દવે બાથ ભીડશે. જુલ્મનો આ માર્ગ હવે મોજનો નહી પણ મોતનો હશે.'

“વાહ...વાહ... છેલવાઈ તમને રંગ છે, તમારી જુવાનીને રંગ છે.” કહેતાં દરબારીએ તેમને બિરદવા લાગ્યા.

અને...

છ ે લ ભ ા ઈ બહારવટીયાઓનો કાળ બની નીકળી પડ્યા. જેનો પણ પડતાં ધરા ધ્રુજતી એવા ખતરનાક લૂંટારાઓ પણ છેલભાઈની સામે ધ્રુજવા લાગ્યા. ડફેરો અને બહારવાટીયાઓ શરણે થવા લાગ્યા. ત્યારે લોક કવિઓએ તેમને ખૂબ બિરદાવ્યા.

**નટવર હેડાઉ**